

## નર્મદા યોજના

# કોના માટે ? કોના ભોગે ?

ગિરીશ પટેલ

લોક અધિકાર સંઘ

## આપણે સૌ યાદ રાખીએ કે :

ખેતમજુરોની લઘુત્તમ વેતન માટેની કે જમીન માટેની લડત એ લોકશાહી અધિકારો માટેની લડત છે.

- નાના ખેડૂતોની, મોટા ખેડૂતો અને એકહથ્થુ સત્તા સામેની લડત લોકશાહી અધિકારો માટેની લડત છે.
- શોષણમાંથી મુક્ત થવા ને જીવનધોરણ ટકાવી રાખવા માટેની શ્રમજીવીઓની હડતાળ, લડત, આંદોલન એ લોકશાહી અધિકારો માટેની લડત છે.
- ગૌરવપૂર્વક જીવન જીવવા માટે; પોતાની શક્તિઓ અને સર્જકતાની અભિવ્યક્તિ માટે, સમાજ માટે કંઇ કરી છૂટવાની સ્વતંત્રતા માટેની વૈજ્ઞાનિકોની, કલાકારોની, શિક્ષકોની, બુદ્ધિજીવીઓની લડત એ લોકશાહી અધિકારો માટેની લડત છે.
- સમાજ અને પુરુષના ષડયંત્રથી કચડાયેલી સ્ત્રીઓની મુક્તિ માટેની લડત એ લોકશાહી અધિકારો માટેની લડત છે.
- અસ્પૃશ્યતામાંથી અને વર્ણવ્યવસ્થામાંથી છુટવા માંગતા-અછુતોની, કહેવાતા ઉજળિયાત અને 'સભ્ય-સંસ્કૃત' વર્ગની નાગચૂડમાંથી મુક્તિ મેળવવા મથતા આદિવાસીઓની, કોમવાદ અને ધર્માંધતામાંથી મુક્તિ મેળવવા મથતા ને સ્વતંત્રતા મેળવવા મથતી લઘુમતીઓની લડત એ લોકશાહી અધિકારો માટેની લડત છે.
- રાજ્યના દમન સામે, પોલીસ અને લશ્કરના અત્યાચાર સામે, રાજ્યના કે ખાનગી અંકુશો અને આપખુદી સામે, વ્યવસાયિક ક્ષેત્રે, કાયદા, આરોગ્ય, આવશ્યક જીવનજરૂરિયાતોના ક્ષેત્રે કહેવાતા નિષ્ણાતોના શોષણ સામે, તમારો અવાજ બંધ કરી દેવાના કે ગુંગળાવી મારવાના દરેક પ્રયત્ન સામે, તમારી મુળભુત જરૂરિયાતોને સંતોષવાના માર્ગમાં આવતા દરેક અન્યાય અને જોહુકમી સામેની સામાન્ય માનવીની લડત એ લોકશાહી અધિકારો માટેની લડત છે. લોક અધિકાર સંઘ આવી દરેક લડતને પોતાનો ટેકો જાહેર કરે છે અને તમારી સાથે ખભેખભા મિલાવી લડવાનું વચન આપે છે ને નાગરિક સ્વતંત્રતાઓને વરેલા તેમ જ તેને માટે ઝઝુમતા સર્વ લોકોને આ આદર્શો સિદ્ધ કરવાના પુરૂષાર્થમાં જોડાવા આમંત્રે છે.

# દેશના વિકાસનો માપદંડ શું હોઈ શકે ?

આપણા ભારતના બંધારણે કેવા રાષ્ટ્રની કલ્પના કરી છે ? એક સુખી, સમૃદ્ધ, ન્યાયી આદર્શ સમાજની ! બિનસાંપ્રદાયિક, સમાજવાદી, સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાક ! જ્યાં સૌ લોકોને આર્થિક, સામાજિક ને રાજકીય ન્યાય, સમાન દરજ્જો, તક અને વિચાર, વાણી, માન્યતા, આસ્થા ને પૂજાની સ્વતંત્રતાની સુરક્ષા આપવામાં આવે ને વ્યક્તિનું ગૌરવ ને રાષ્ટ્રની એકતા પર આધારિત બંધુત્વની ખાતરી આપવામાં આવે.

—આ આદર્શ સમાજ હાંસલ કરવા માટે દેશના બંધારણના ઘડવૈયાઓએ સમવાયીતંત્ર, સંસદીય વ્યવસ્થા ને લોકશાહી સમાજ ને રાજ્યની સ્થાપના કરી છે અને આ સમગ્ર વ્યવસ્થાના પાયારૂપ બે પ્રકરણો—**મૂળભૂત અધિકારો** (જીવન જીવવાનો અધિકાર, વ્યકિતગત સ્વાતંત્ર્યનો અધિકાર, વાણી, સભા ને મંડળી રચવાની સ્વતંત્રતા, કાયદા સમક્ષ સમાનતા, ધર્મ અને સાંસ્કૃતિક સ્વાતંત્ર્ય અને રાજ્યના **માર્ગદર્શક સિદ્ધાંતો** (આર્થિક, સામાજિક ને રાજકીય ન્યાય પર રચાયેલો સમાજ અને બધી જ સામાજિક સંસ્થાઓ, રાષ્ટ્રની સાધનસંપત્તિની સમાન ને ન્યાયી વહેંચણી, જનહિત માટે કામ કરતી આથિકવ્યવસ્થા, સમાન વેતન, શોષણની નાબૂદી, સુખી જીવન જીવી શકાય એટલું વેતન, કામની શરતો, દલિત—આદિવાસીઓના હિતોના રક્ષણની ખાસ જોગવાઈ, પર્યાવરણ ને જંગલનું રક્ષણ વગેરે)—દેશના ભાવિ વિકાસ માટે ધ્રુવતારક સમાન રહેશે.

અને સમગ્ર સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક વ્યવસ્થાના કેન્દ્ર સ્થાને રહેશે **માનવી !** તેની સ્વતંત્રતાઓ, અધિકારો, સમાનતા, ન્યાય અને શોષણમુકિત !

આ ઉપરથી એ વાત તો સ્વાભાવિક જ છે કે દેશની કે રાજ્યની પ્રગતિ, વિકાસ ને સમૃદ્ધિનો માપદંડ પણ આ જ હોય અને હોવો જોઈએ.

આ સાથે પ્રશ્નો પણ ઊભા થાય છે કે વિકાસ કે પ્રગતિનો પંથ કોણ નક્કી કરે ? પ્રગતિ કે વિકાસ કોનો અને કોના ભોગે ? માનવી અને તેનું જીવન, તેના અધિકારો, તેની જીવનશૈલી, તેની સંસ્કૃતિ વગેરેનું બલિદાન કોણ નક્કી કરે ? અને ક્યારે ન્યાયી ગણાય ? કુદરત, વાતાવરણ, સમતુલા વગેરેનો ભોગ કેટલો અપાય ? ભાવિ પેઢીના હિતોનું બલિદાન કેટલું આપી શકાય ? સમગ્ર વિકાસની કેડીમાં માણસના સંપૂર્ણ જાણકારી મેળવવાના અધિકારનું શું ? તેમાં દરેક પળે સામેલગીરીના અધિકારનું શું ? વિકાસનો આપણો ઈતિહાસ શું કહે છે ? આપણો અનુભવ કેવો રહ્યો છે ?

(૩) માનવજીવન, સમાજ અને પર્યાવરણ ઉપર આ યોજનાની સર્વાંગી અસર શી ?

વળી વિકાસ યોજનાના સંદર્ભે આ બે મુદ્દાઓ પણ નોંધપાત્ર બની રહે છે:

(૧) મૂળભૂત નીતિવિષયક સિદ્ધાંતો

(૨) બંધારણીય અને માનવઅધિકારોની દૃષ્ટિએ

**મૂળભૂત નીતિવિષયક સિદ્ધાંતો :**

(૧) દરેક મહત્ત્વની વિકાસ યોજનાને કારણે સમાજના કોઈ ને કોઈ એક સમુદાયના જીવન, જીવનનિર્વાહના સાધનો, સુખદુ:ખ પર ભારે વિપરીત અસરો થાય છે. દા.ત. નદી ઉપર મોટો બંધ બાંધવાથી હજારો એકર જમીન ડૂબમાં જાય અને હજારો કુટુંબો વિસ્થાપિત થઈ જાય. જંગલમાં ખનીજ ઉદ્યોગ શરૂ થાય અને જંગલમાં રહેનારા અને જંગલ ઉપર આધાર રાખનારા કુટુંબોની જમીન, જીવનનિર્વાહના સાધનો ઝૂંટવાઈ જાય, જમીન જાય, ઘર ચાલ્યું જાય, કૌટુમ્બિક અને સામાજિક જીવન છિન્ન-ભિન્ન થઈ જાય, જીવનનિર્વાહના સાધનો જતા રહે, અને સ્થળાંતર થઈ અજાણ્યા પ્રદેશમાં રોટી-રોજી માટે રખડતા થવું પડે. છેલ્લાં ૪૦ વર્ષોમાં વિવિધ વિકાસ યોજનાઓનાં પરિણામે લાખો માણસો જમીન વગરના, ઘર વગરના અને રોજી વગરના બનેલા છે. સમગ્ર સમાજના હિત માટે આ યોજનાઓ બનતી હોય તો જેમનું બલિદાન લેવાય છે તે માનવીઓના જીવન જીવવાના, અને બીજા મૂળભૂત માનવ અધિકારોનું શું ? તેમનું બલિદાન માંગવાનો અને લેવાનો આપણને કેટલો અધિકાર ? સમાજના હિત માટે તેમને બલિદાન આપવું પડે તે તેનો ન્યાયી અને સંતોષકારી જવાબ નથી. જ્યારે અનેક વિકલ્પો આપણી સમક્ષ હોય ત્યારે જવલ્લે જ અપવાદરૂપ પ્રસંગો સિવાય વિશાળ માનવસમુદાયનો ભોગ લઈ ના શકાય અને આવા જૂજ પ્રસંગોએ વિસ્થાપિત માણસોને આર્થિક—સામાજિક ન્યાયના સિદ્ધાંતોને સુસંગત વિકાસશીલ પુન:સ્થાપનની યોજના, ગમે તે ખર્ચે કરવી જ જોઈએ એ સિદ્ધાંત આપણે સ્વીકારવો જ રહ્યો.

(૨) અત્યાર સુધીનો અનુભવ દર્શાવે છે કે કુદરતી સાધનસંપત્તિની ભવ્ય વિકાસ યોજનાઓમાં જેમનો ભોગ લેવાય છે તે મહદ્અંશે આદિવાસીઓ અને અન્ય પછાત વર્ગના દલિતો હોય છે. રાષ્ટ્રના મુખ્ય પ્રવાહથી અલગ એવા અને પોતાની આગવી જીવનશૈલી, સમાજરચના, કલા અને સંસ્કૃતિ જાળવી રાખનારા આ આદિવાસીઓ તો લગભગ વેરવિખેર થઈ સમગ્ર રીતે બરબાદ થઈ જાય છે. સમાજના આ દબાયેલા કચડાયેલા વર્ગો જેમના હિત,

અધિકારો અને વિકાસ માટે બંધારણે ખાસ જોગવાઈઓ કરી છે તેમનું આ સમગ્ર વિકાસમાં સ્થાન શું તે બીજો મહત્ત્વનો પ્રશ્ન છે.

(૩) આધુનિક વિકાસ યોજનાઓ નિઃશંક અને બિનવિવાદાસ્પદ રીતે શુદ્ધ લોકહિતમાં જ હોય છે તેમ માની શકાય નહિ. પહેલાના સમયની એક નિશાળ કે હોસ્પિટલ કે રસ્તો બનાવવાની આ યોજનાઓ નથી. તેની વિશાળતા, તેના ઉદ્દેશ્યો, તેના મોટા ખર્ચાઓ, વિશાળ સમુદાયો ઉપર તેની સારી અને નરસી અસરો, હજારો મનુષ્યોનું સ્થળાંતર કે કુદરતી સાધનોની પ્રાપ્યતાના લાભથી વંચિત કરવા—આ બધું જોતા મૂળભૂત માનવમૂલ્યોની ઉપરાંત લાભાલાભનો ચોકખો હિસાબ જરૂરી છે. વિકાસ કેટલો અને કોનો, નુકશાન કેટલું અને કોનું, પ્રવર્તમાન અસમાનતા કેટલી વધશે કે ઘટશે, માનવજીવન ઉપર, સમાજ ઉપર, પર્યાવરણ ઉપર, ભાવિ પેઢીના વિકાસ ઉપર તેની વિપરીત અસર કેટલી--આ પ્રશ્નોનો જવાબ આપવો પડે અને તે માટે વિશાળ વિકાસ યોજનાનું સંપૂર્ણ અને સર્વાંગી મૂલ્યાંકન કરવું તેને યોજનાની મંજૂરીની પૂર્વશરત તરીકે ગણાવું જોઈએ. આવી યોજનાના એવા બહુગામી, દૂરગામી અને ઘણા ઊંડા પરિણામો આવે કે મૂળ સ્થિતિએ પાછા પહોંચી શકાય નહિ.

(૪) આ જ કારણસર પ્રજાના યોજના વિષે સંપૂર્ણ માહિતી અને જાણકારી મેળવવાના અબાધિત અધિકારનો સ્વીકાર થવો જોઈએ. આવી યોજનાઓના અનેક સામાજિક, આર્થિક અને ટેકનીકલ પાસાઓ હોવાથી અને તેની સંપૂર્ણ તપાસ, અભ્યાસ, મૂલ્યાંકન, દેખરેખ વગેરે સામાન્ય વ્યકિતઓના ગજાબહારનું છે અને રાજ્ય કે સરકાર કે મહાકાય નિગમો જ આ કરી શકે. આ યોજના લોકોની, લોકો માટેની અને લોકો દ્વારા ગણાવવી હોય તો શરૂથી અંત સુધી અને બધા જ તબકકે પ્રજાને તેની સંપૂર્ણ જાણકારી અને માહિતી પહોંચાડવી જ જોઈએ. રાજ્યની તે ફરજ છે અને પ્રજાનો તે અધિકાર છે. વળી આ જાણવાનો અધિકાર (Right to know) એ વાણીસ્વાતંત્ર્ય, જીવન જીવવાનો અધિકાર અને લોકશાહી સિદ્ધાંતનો ભાગ હોવાથી તે માનવના મૂળભૂત અધિકાર છે.

(૫) આ વિકાસ યોજનાઓ સમાજના વિકાસને માટે હોઈ અને અનેક રાજકીય તેમજ ન્યાયિક સિદ્ધાંતો અને મૂલ્યોના પ્રશ્નો તેમાં સમાયેલ હોઈ યોજનાઓના પ્રકલ્પના, ઘડતર, પ્રગતિ, સ્વીકાર, અમલ અને મૂલ્યાંકન એ માત્ર મેનેજરો, રાજકારણીઓ કે અમલદારો અથવા વૈજ્ઞાનિક કે નિષ્ણાતોનો જ પ્રશ્ન ગણી શકાય નહિ અને માત્ર તેમને જ સોંપી શકાય નહિ. પ્રજાને અને ખાસ કરીને અસર થતી પ્રજાને શરૂથી અંત સુધી અને દરેક તબકકે

બધા જ નિર્ણયોમાં સામેલ કરવી જોઈએ અને આ ભાગ લેવાના અધિકારને મૂળભૂત અધિકાર ગણવો જોઈએ.

(૬) કાયદાની દૃષ્ટિએ પણ આવી વિકાસ યોજનાઓને સમગ્ર રીતે તપાસવાના અને મુલવવાંના યોગ્ય માપદંડો વિકસાવવા જરૂરી છે. 'લોકહિત' 'રાષ્ટ્રહિત', 'જાહેર વિકાસ' આ અંગેના રાજ્યના કે સરકારના નિર્ણયોને આખરી ન જ ગણી શકાય. તેની યોગ્યતા, તેના ઉદ્દેશ્યો, તેના લાભાલાભો, તેની વ્યવહારુતા, તેનું મૂલ્યાંકનં વગેરે માટે યોગ્ય ન્યાયી માળખું તૈયાર કરવું જ પડે, જેથી વસ્તુનિષ્ઠ, વૈજ્ઞાનિક. બુદ્ધિગમ્ય અને ન્યાયી નિર્ણયો લઈ શકાય.

**બંધારણીય અને માનવઅધિકારની દૃષ્ટિએ**

વિકાસ યોજનાઓ અને તેને લગતા અને તેમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો એ માત્ર વિજ્ઞાન કે ટેકનોલોજી કે સમાજ કે અર્થશાસ્ત્રના ક્ષેત્ર પૂરતા મર્યાદિત રહ્યા નથી, હવે તો તેને મૂળભૂત રીતે બંધારણીય અને માનવઅધિકારોને લગતા પ્રશ્નો તરીકે ગણાય છે અને ગણાવા જોઈએ. આપણા દેશમાં તો આ બધી વિકાસયોજનાઓને બંધારણના માળખામાં જ રહીને બનાવવાની છે અને તેમાં કામ કરવાનું છે. સ્વાભાવિક રીતે જ બંધારણ અને તેના સિદ્ધાંતો અને મૂલ્યો વિકાસ યોજનાના માપદંડ પૂરા પાડે છે. એક તો કષ્ટદાયક અને અમરજિયાંત માનવસ્થળાંતર તેમના અનુ. ૨૧ હેઠળના જીવન જીવવાના અધિકારના પ્રશ્નો ઊભા કરે છે, તેમજ આ લોકોને ગમે ત્યાં જવાનો, વસવાનો અધિકારનો પ્રશ્ન પણ ઊભો થાય છે. જાણવાનો તેમનો અધિકાર અનુ. ૨૧ અને વાણીસ્વાતંત્ર્યના ૧૯મા અનુચ્છેદમાંથી પેદા થાય છે. સમાન વહેંચણી તે અનુ. ૧૪ (કાયદા સમક્ષની સમાનતા)એ માર્ગદર્શક સિદ્ધાંતોમાંથી આવશ્યક બને છે. સામેલગીરીનો અધિકાર લોકશાહી સિદ્ધાંતમાંથી ઊભો થાય છે. વિસ્થાપિતોના અધિકાર તો આંતરરાષ્ટ્રિય કાયદાએ તેમ જ વર્લ્ડબેંકે પણ સ્વીકાર્યા છે.

નર્મદા ખીણ વિકાસ યોજના (નર્મદા વેલી ડેવલપમેન્ટ સ્કીમ) આ બધા સવાલો, સમસ્યાઓથી ઘેરાયેલી છે. વિવાદાસ્પદ બની છે તેને આપણે ઉપરોક્ત મહત્ત્વના દૃષ્ટિકોણોથી તપાસવાનો પ્રયત્ન કરીશું.

# નર્મદા ખીણ વિકાસ યોજના

નર્મદા નદી દેવોને પણ ઈર્ષ્યા આવે તેવી, ઉત્તરે વિંધ્યાચળ ને દક્ષિણે સાતપુડા પર્વતોની અનુપમ ખીણમાં થઈને વહે છે. મધ્યપ્રદેશના શાહડોલ જિલ્લામાં અમરકંટકના પવિત્ર સરોવરમાંથી નદી શરૂ થાય છે અને મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર ને છેલ્લે ગુજરાતના વિવિધતાભર્યા પ્રદેશોમાંથી પસાર થઈ ૧૩૦૦ કિ.મી.નું અંતર કાપી અરબી સમુદ્રને મળે છે. માર્ગમાં ૪૧ જેટલી નાની મોટી નદીઓ તેને મળે છે. તેની ખીણમાં લગભગ બે કરોડ લોકો વસે છે. જેમાં ભીલ, ગોંડ ને બૈગારુ જેવી આદિવાસી જાતિઓનો સમાવેશ થાય છે. નદીના બન્ને કાંઠે વિસ્મયપૂર્ણ વિવિધતા ધરાવતી ખેતીવાડીની પદ્ધતિઓ ને જાતજાતના પાક નજરે પડે છે અને ચારસોથી વધારે તીર્થસ્થાનો છે જેમાં ત્રણસો તેત્રીસ શિવતીર્થો છે જ્યારે અઠયાવીસ વૈષ્ણવતીર્થો છે ને વિશેષમાં જૈન ધર્મના તેમજ બીજા અનેક તીર્થો છે. બાવનગજા ખાતે બડવાની નજીક તીર્થંકરની મોટામાં મોટી મૂર્તિ છે તો નદીના પટમાં ટાપુ પર પાંચસો વર્ષ પુરાણો ઐતિહાસિક જોગનો કિલ્લો પણ છે. ૨,૬૦૦ કિલોમીટર લાંબી નર્મદા પરકમ્મા પગપાળા કરવા માટે દર વર્ષે ભારતભરમાંથી હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે.

આવી આ નર્મદા નદીમાંથી દર વર્ષે બે કરોડ ને એંશીલાખ એકરફૂટ જેટલું પાણી વહે છે. એક એકરના ખેતરમાં એક ફૂટ જેટલું પાણી ભરી રાખીએ તેને બંધની ભાષામાં 'એકરફૂટ' કહે છે. એક એકર જમીન એક ફૂટ ડૂબે એટલે લગભગ અઢી લાખ ગેલન જેટલું પાણી થાય.

આટઆટલું પાણી ઠાલું દરિયામાં વહી જતું હોય તો સ્વાભાવિક જ છે કે તે પાણી ભલભલાના મોંમાંથી લાળ પડાવા માંડે ! આ પાણીનો ઉપયોગ થાય તે માટેની નર્મદા યોજનાની વાતો છેક ૧૯૪૭માં આઝાદી મળી ત્યારથી શરૂ થઈ. એ સમયમાં નદી વિશે જાતજાતના સર્વે કરાવવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યની અલગ સ્થાપના પછી એપ્રિલ ૧૯૬૧માં સ્વ. વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ ભરૂચ જિલ્લાના નવાગામ ખાતે આ યોજનાનો શિલારોપણ વિધિ કર્યો હતો. સિંચાઈબંધોને નહેરુ 'આધુનિક મંદિરો' કહેતા અને ત્યારે તેને નર્મદા બંધ નહીં પણ 'ભરૂચ સિંચાઈ યોજના' એવું નામ આપેલું. તે વખતે યોજના મુજબ તો બંધ માત્ર એકસોબાસઠ ફૂટ ઊંચો બાંધવાનો હતો. બે વર્ષ પછી સ્વ. બળવંત મહેતાએ ૧૯૬૩માં બંધ ચારસોપચીસ ફૂટનો કરવા ભોપાલ એગ્રીમેન્ટ કર્યો જે મધ્યપ્રદેશ વિધાનસભાએ ફોક જાહેર કર્યો. ખુરસી હાંસલ કરવાના દાવપેચમાં કોઈકને તુક્કો

સુઝ્યો કે ભરૂચ જિલ્લો જ શું કરવા નર્મદાના પાણી ઠેઠ કચ્છના મોટા રણ અને સૌરાષ્ટ્રભરમાં લઇ જવા જોઇએ ! ૧૯૬૪માં ડૉ. ખોસલાએ ચુકાદો આપ્યો કે બંધ પાંચસો ફૂટનો કરો ! જ્યારે પેલી તરફ મહારાષ્ટ્ર ને મધ્યપ્રદેશે એપ્રિલ ૧૯૬૫માં જળસંધિના નામે અંદરોઅંદર કરાર કર્યો પછી તો ગુજરાતનું કશું ઉપજતું નથી, કેન્દ્ર અન્યાય કરે છે તેવા ગરમાગરમ સૂત્રોથી મધ્ય પ્રદેશ, ગુજરાત ને મહારાષ્ટ્ર વચ્ચે વર્ષો લગી સાઠમારી ચાલી. અંતે ત્રણે રાજ્યોએ સ્વ. ઈન્દિરા ગાંધીને નર્મદા વિવાદ ટ્રિબ્યુનલ રચવાની સંમતિ આપી. ટ્રિબ્યુનલે દસ વર્ષ કામ કર્યું અને અંતે ૧૬ ઓગષ્ટ ૧૯૭૮ના રોજ ચુકાદો આપ્યો કે ગુજરાતમાં ૫૪૦ ફૂટ નહીં પરંતુ ૪૬૦ ફૂટનો બંધ બાંધો. જાણે આ ચુકાદાથી જ હરિયાળી છવાઈ હોય તેમ ગુજરાતના રાજકારણીઓએ બૂંગીયા ફૂંકવા શરૂ કર્યા ! હવે ગુજરાતના વિકાસની કોઈ સીમા નહીં રહે...કચ્છનું રણ લીલુંછમ બની જશે...સૌરાષ્ટ્રના ખેતરો હરિયાળા થશે... વહાણવટું શરૂ થશે. એવી જેને જેમ ફાવ્યું તેમ વચનોની લહાણી શરૂ કરી દીધી ! ગુજરાતમાં 'સરદાર સરોવર' અને મધ્યપ્રદેશના ઉપરવાસમાં પુનાસા ખાતે 'નર્મદા સાગર બંધ' એમ બે જબરજસ્ત મોટા બંધો ઉપરાંત સમગ્ર નર્મદા ખીણ વિકાસ યોજનામાં ૩૦ મહાકાય, ૧૩૫ મધ્યમ કક્ષાના ને ૩૦૦૦ નાના એમ બધા મળીને કુલ ૩૧૬૫ બંધો બાંધવાની યોજના છે. ટ્રિબ્યુનલના ચુકાદા મુજબ નર્મદાના ૧૦૦ ગેલન દીઠ ૩૦ ગેલન પાણી ગુજરાતે વાપરવાનું છે એટલે કે અંદાજે ૨ કરોડ ૮૦ લાખ એકર ફૂટ પાણીમાંથી ૮૦ લાખ એકર ફૂટ ગુજરાતને મળશે. પાણી વધતું ઓછું વહે તો મધ્ય પ્રદેશે ૭૩ ટકા અને ગુજરાતે ૨૪ ટકા પ્રમાણે વહેંચી લેવું. બાકીના ત્રણ ટકામાંથી મહારાષ્ટ્રને એક ટકો અને રાજસ્થાનને બે ટકા પાણી મળે.

**અને જ્યાં સુધી આ તમામ બંધો પુરેપુરા બંધાઈ ન જાય ત્યાં સુધી કોઈ એક બંધ સંપૂર્ણ સફળ ન થઇ શકે. ટ્રિબ્યુનલના ચુકાદામાં પણ એવું સ્પષ્ટ છે કે સરદાર સરોવર અને નર્મદા સાગર સાથેની યોજનાઓ આગળ-પાછળ નહીં પણ લગભગ એક સાથે પુરી થવી જોઈએ.**

ખરેખર તો ૩,૧૬૫ બંધો બંધાતા તો સો જેટલા વર્ષ લાગશે ને મોટાભાગના બંધો તો કદી બંધાશે જ નહીં કારણ કે ટ્રિબ્યુનલમાં દલીલો માટે જ આ બધાની સ્કીમો રજૂ થયેલી પણ આ બધામાં બે મોટા બંધ સરદાર સરોવર ને નર્મદાસાગર છે. જેમને માટે વર્લ્ડબેંકે લોન આપવાનું નક્કી કર્યું છે અને આ બન્ને બંધની યોજનાઓને ૧૯૮૭માં કેન્દ્ર સરકારે મંજુરી આપી છે.

# સરદાર સરોવર યોજના

સરદાર સરોવર વાસ્તવમાં જંગી યોજના છે. આ બંધની લંબાઈ ૩૯૩૨ ફૂટ થવાની છે. બંધના સ્થળની આસપાસ ઊંચાઊંચા પર્વતો છે. બે પર્વતો વચ્ચે બંધની દિવાલ થતાં આસપાસના પર્વતોમાં પાણી ઘેરાઈ જઈને કુદરતી સરોવર બની જશે. સમુદ્ર જેવા વિશાળ આ સરોવરની લંબાઈ ૧૩૩ માઈલ અને પહોળાઈ સરેરાશ ૧.૧ માઈલની થશે. આ બંધ દરિયાની સપાટીથી ૪૬૦ ફૂટ જેટલો ઊંચો હશે. ને સરોવરમાં ૭૭ લાખ એકરફૂટ પાણી ભરી રાખવાની જોગવાઈ થશે. આમ છતાં રોજિંદા વ્યવહાર માટે તેની જીવંતશક્તિ ૪૭ લાખ એકરફૂટની રહેશે. આ બંધમાંથી નીકળનારી મુખ્ય નહેર વિશ્વમાં મોટામાં મોટી નહેર હશે એવો ઈજનેરોનો દાવો છે. આ નહેર ૪૪૫ કિ. મી. લાંબી અને તેનું તળીયું ૨૪૦ ફૂટ પહોળું બનશે. આ નહેરમાંથી ચાળીસહજાર ઘનફૂટ પાણી વહેવાનું છે. મહેસાણા જિલ્લાના કડી–કલોલ પાસેથી કચ્છમાં લઈ જવાની નહેરનો ફાંટો પડશે. નહેર નળકાંઠાના નીચા વિસ્તારમાં પહોંચે પછી ત્યાંથી પાણીને પપીંગ કરી ફરી આગળની નહેરમાં નાખવા ઉલેચવું પડશે. સૌરાષ્ટ્રમાં પાણી લઈ જવા માટે સૌરાષ્ટ્રમાં જનારી નહેરના પાણી લખતર ખાતે ઊંચકીને નંખાશે.

**કુલ ખર્ચ :**

નર્મદાખીણના કુલ ૩૧૬૫ બંધમાંથી માત્ર એક આપણા સરદાર-સરોવરના ખર્ચની વાત કરીએ તો તેના આંકડા હમેશાં બદલાતા રહ્યા છે. સૌ પહેલા ૭૦૦ કરોડ રૂપિયાનો અંદાજ હતો, ટ્રિબ્યુનલનો ચુકાદો આવ્યો ત્યારે ખર્ચ વધીને ૩૦૦૦ કરોડ રૂપિયાના અંદાજ પર પહોંચી ચૂક્યો હતો. ૧૯૮૩ માં ટેકનીકલ એડવાઈઝરી કમીટીએ તેનો ખર્ચ ૪૨૪૦ કરોડ ગણ્યો હતો. ત્યારબાદ સત્તાવાર રીતે ૫૭૯૩ કરોડનો અને વર્લ્ડબેંક મુજબ ૭૨૦૦ કરોડ રૂપિયાનો ગણવામાં આવે છે. આજે લગભગ ૧૨૦૦૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ અંદાજવામાં આવે છે, ને યોજના પુરી થશે ત્યાં સુધી તો તેનો અંદાજ ૨૫૦૦૦ કરોડે પહોંચી ચૂક્યો હશે !

અત્યાર સુધીમાં લગભગ ૩૫૦ કરોડ રૂપિયાનું ખર્ચ જુદા જુદા હેતુઓ માટે કરી નાખવામાં આવ્યું છે. વર્લ્ડબેંક ૫૫૦ કરોડ રૂપિયા આપવા સંમત થઈ છે, ૧૫૦ કરોડ રૂપિયા જાપાન ઉધાર ધીરવાનું છે. એટલે ૭૦૦ કરોડ થયા. બાકીના પૈસાનું શું ? અત્યારે ગુજરાતમાં સિંચાઈ ખાતે બધું મળીને કુલ રૂપિયા ૨૦૦ કરોડ ખર્ચાય છે, તો સરદાર સરોવરના હજારો કરોડ રૂપિયા ક્યાંથી આવશે ? તેનો બોજ કોણ ઉઠાવશે ? આનો વિચાર ક્યારે કરવાનો ?

આટલો મોટો બોજ [(ટેક્ષનો, વર્લ્ડબેંકની લોન અને વ્યાજનો વગેરે) સામાન્ય પ્રજાએ જ ભોગવવાનો હોય તો સામાન્ય પ્રજાનો અવાજ સંભળાશે ખરો ?

## સરદારસરોવરના લાભાલાભ

સરદારસરોવરની યોજના પૂર્ણ થયે ગુજરાતને થનારા ફાયદા આ પ્રમાણે ગણાવવામાં આવે છે :

| | |
|---|---|
| સિંચાઈ | — ૧૭,૯૨,૦૦૦ હેક્ટર જમીનમાં સિંચાઈ થશે. |
| વિદ્યુતશક્તિ | — સ્થાપિત શક્તિ ૧૪૫૦ મેગાવૉટ, અસરકારક શક્તિ પહેલા તબક્કે ૩૦૦ મેગાવૉટ અને છેવટના તબક્કે ૧૫૦ મેગાવૉટ રહેશે. |
| પીવાનું પાણી | — હજારો ગામડાઓને પીવાનું પાણી પહોંચાડી શકાશે. |
| ઔદ્યોગિકવિકાસ | — સેંકડો ઉદ્યોગોને જરૂરી પાણી આપી શકાશે. |
| પૂરનિયંત્રણ | — દરવર્ષે નર્મદામાં આવતા પૂરને નિયંત્રણમાં રાખી શકાશે. |

જ્યારે ગેરલાભ જોઈએ તો :

**ડૂબમાં જતી જમીન અને જંગલો :**

સરદારસરોવરને કારણે ૩૯૧૩૪ હેક્ટર કુલ જમીન ડૂબમાં જશે. જેમાં ૧૩૭૪૪ હેક્ટર જંગલો અને ૧૧૩૧૮ હેક્ટર ખેતીલાયક જમીનનો સમાવેશ થાય છે. જ્યારે સમગ્ર યોજનાના ભાગરૂપ નર્મદાસાગર યોજના ૪૦૩૩૨ હેક્ટર જંગલો, ૪૪૩૬૩ હેક્ટર ખેતીલાયક જમીન સાથે કુલ ૯૧૩૪૮ હેક્ટર જમીન ડુબાડશે.

આ અંગેની સમિતિના મધ્યપ્રદેશના અધ્યક્ષ એસ. ડી. તિવારીના કહેવા મુજબ એકમાત્ર નર્મદાસાગરના મહાકાય ૯૧૦ કિ. મી. સરોવરને કારણે ને બીજા બંધોથી ગુજરાતના સરદારસરોવરથી ડૂબી જનારા ઉપરાંત બીજા ૩૧૭ ગામો ડૂબી જશે. જંગલો ડૂબ્યા બાદ પણ પાણી જે રીતે ફરી વળશે ને તેમાં કોઈ જઈ નહીં શકે તે ગણતા ૮,૭૫૦૦૦ એકર જંગલો અર્થહીન બની જશે. અંદાજે પાંચલાખ એકર ફળદ્રુપ જમીન નાશ પામશે. એકલાખ એકર જેટલો ગોચર ડૂબી જશે. વળી આટલા મોટા પ્રમાણમાં જંગલો નાશ પામવાને કારણે બાકી રહેલા જંગલો પર દબાણ વધશે અને વધુ જંગલો નાશ પામશે.

**વનસ્પતિ અને જંગલ પ્રાણીઓનો નાશ :**

જંગલોના નાશની સાથે સાથે હજારો પ્રકારની જંગલી વનસ્પતિ ને જંગલીજીવનનો પણ વિનાશ થશે. હજી આ અંગેના પૂરતા અભ્યાસ પણ કરવામાં આવ્યો નથી. છેવટે બધું બરાબર થઈ જશે એવી આશા સિવાય સત્તાવાળાઓ પાસે બીજુ કશું નક્કર કહેવાનું છે નહીં. જો કે વર્લ્ડબેંકના અહેવાલ જણાવે છે કે જંગલીજીવનનો પુનઃવસવાટ કદી સહેલો હોતો નથી. એટલે મોટા પ્રમાણમાં તેના નાશ અનિવાર્ય બની જાય છે !

**ધરતીકંપની શકયતા :**

વિશાળબંધો સાથે બીજા ઘણા ભયસ્થાનો સંકળાયેલા છે ને જેને માટે કોઈ વિશ્વસનીય ઉકેલો દેખાતા નથી. સૌથી મોટો ભય એ છે કે નર્મદા ખીણને સાધારણ **સીસ્મીસીટી** વાળો પ્રદેશ ગણાવાયો છે. જયાં અવારનવાર ધરતીકંપની શકયતાઓ રહેલી છે. છેલ્લાં બસો વર્ષમાં આ વિસ્તારમાં ત્રીસ જેટલા ધરતીકંપો થયેલા છે. ઈજનેરો કહે છે કે અમે આ અંગે બનતી કાળજી લઈશું પરંતુ બંધની આજુબાજુ રહેતા લોકોની સલામતીનું શું ? બંધોને ધરતીકંપમાંથી સલામત રાખી શકાશે એવા ઈજનેરોના દાવાને પણ પડકારી શકાય એમ છે. સ્વીસ રીઈન્યુરન્સના ઈજનેરી સલાહકાર ડૉ. હર્બટ ટીડમેનના કહેવા પ્રમાણે સરદારસરોવરની જગાની નજદીક મોટા ભૂશાસ્ત્રીય દોષ કાયમી ભયનું કેન્દ્ર છે ને સીમેન્ટકોંક્રીટ વડે તેને પૂરવાના પ્રયત્નોમાંથી સુધારી શકાય તેમ નથી.

**જમીન ધોવાણ :**

જમીનધોવાણને પરિણામે જમીનની ઉપલી માટી તણાઈ જઈ મોટા-બંધોના સરોવરોમાં ઠલવાઈને સરોવરની પાણી ભરી રાખવાની ક્ષમતા અને જીવનમર્યાદાને ધરખમ રીતે ઘટાડી નાખે છે. ૧૯૭૬ માં ખેતીવાડી અંગેના રાષ્ટ્રીયકમીશને નોંધ્યું છે કે ૧૯૬૦ અને ૧૯૭૦ માં કરવામાં આવેલા સર્વેક્ષણના અહેવાલો જણાવે છે કે ભારતના મોટા સરોવરોમાં સીલ્ટેશન (જમીનધોવાણ) નું પ્રમાણ ભયજનક રીતે ઘણું ઊંચુ રહ્યું છે અને તેની સામે કોઈ પગલાં લેવાયાં નથી. નર્મદાના કેચમેન્ટ વિસ્તારના દર ૧૦૦ સ્કવેર કિ. મી. દીઠ સીલ્ટેશન રેટ ૧.૫૫ હેકટોમીટરની માટી માનવામાં આવતી હતી. પરંતુ પછીના સર્વેક્ષણ અહેવાલો મુજબ આ દર ૫.૬૨ હેકટોમીટર થયો છે. તેનાથી સરદારસરોવરની જીવનમર્યાદામાં જબરદસ્ત ઘટાડો થશે અને આર્થિક સદ્ધરતાને ભારે આંચ આવશે.

**પાણીભરાવો અને ખારાશ** (વૉટર લૉગીંગ અને સેલીનીટી) **:**

મોટી સિંચાઈ યોજનાઓને કારણે સિંચાઇગ્રસ્ત જમીનમાં પાણીની સપાટી ઘણી ઊંચી આવે છે. જ્યાં પાણી ખેંચી કાઢવા યોગ્ય ડ્રેઈનેજ વ્યવસ્થા કરવામાં ન આવે તો વધારાનું પાણી એકઠું થાય છે અને છેવટે જમીનની સપાટી પર આવે છે ને તેનું બાષ્પીભવન થાય છે. જેને પરિણામે જમીન ખારી થઈ જાય છે—આ રીતે લાખો હેક્ટર જમીન બરબાદ થઈ ચૂકી છે. ભારતમાં એક કરોડ હેક્ટર જમીનમાં પાણી ભરાવાનો પ્રશ્ન ઊભો થયો છે અને બીજા અઢી કરોડ હેક્ટર જમીન સામે ખારાશનો ખતરો ઊભો થયો છે. ૬—૨—૧૯૮૭ના ઇન્ડિયન એક્સપ્રેસના સમાચાર મુજબ ધારાસભામાં જવાબ આપતા મુખ્યપ્રધાન અમરસિંહે જણાવ્યું હતું કે 'પાણી ભરાવાને લીધે ઊભી થયેલી ખારાશને કારણે ખેડા જિલ્લામાં 3.33 લાખ હેક્ટર અને સુરત જિલ્લામાં ૨૮,૦૦૦ હેક્ટર જમીન ખરાબ થઇ ચૂકી છે અને તેનો સામનો કરવા ૧૯ કરોડ રૂપિયાનો ખર્ચો તો થઈ ચૂક્યો છે.

સરદાર સરોવરને પરિણામે ગુજરાતમાં ઠેકઠેકાણે આ પ્રકારની આફત આવશે તેનું શું ?

**આરોગ્ય અને જોખમરૂપ રોગો :**

મોટી સિંચાઈ યોજનાઓને કારણે મેલેરિયા, ફીલેરીઆસીસ, કોલેરા, ગ્રેસ્ટ્રો-એન્ટ્રાઈટીસ (ઝાડા-ઉલ્ટી), વાઈરલ એન્સીફેલાઈટીસ, ગોઈટર ને અન્ય પાણીજન્ય રોગોનું પ્રમાણ ઘણાં મોટા પ્રમાણમાં વધતું જોવામાં આવ્યું છે. છઠ્ઠી પંચવર્ષીય યોજનાના દસ્તાવેજ મુજબ 'વિવિધ અભ્યાસોએ દર્શાવ્યું છે કે મોટા સરોવરોને લઈને આજુબાજુના વિસ્તારોમાં ભૂગર્ભ પાણીની સપાટી ઉપર આવવાને પરિણામે જમીનમાં ફ્લોરાઈડ, કેલ્શિયમ ને અન્ય ધાતુતત્ત્વોના પ્રમાણમાં ફેરફાર થાય છે ને ફ્લુરોસીસ જેવા રોગો પેદા થાય છે. ચામડીના રોગો, ટ્રેકોમા, ગીનીવોર્મ ને સ્કીસ્ટોસોમેશીસ જેવા બીજા રોગોનો ભય વધી જાય છે.

આ સિવાય પણ મોટા બંધોની બીજી ઘણીય આડઅસરો જોવા મળે છે. નદીના અધરવાસમાં પાણીનો પ્રવાહ ઓછો થઈ જવાથી તેની આખીય પર્યાવરણીય ને આર્થિક વ્યવસ્થામાં ભારે પરિવર્તન આવે છે. દરિયાનું પાણી પાછું વાગવાથી વધુને વધુ જમીનની ખારાશ વધતી રહે છે. મોટા બંધના અવરોધને કારણે નદી અને પેટા નદીઓના પાછા જતા પાણીના પ્રશ્નો ઊભા થાય છે.

# સરદાર સરોવરના લાભો વિશે કેટલાક સવાલો

## પાણી કોને મળશે ?

નર્મદાના નીર કોને મળશે ? ગાઈબજાવીને કહેવામાં આવે છે તેમ કચ્છના નાના–મોટા રણોને મળવાના ખરા ? સમગ્ર સૌરાષ્ટ્ર કે સમગ્ર ગુજરાતને મળવાના ખરા ? જનસામાન્યની એવી માન્યતા છે કે એકવાર સરદાર સરોવર બની જશે પછી શું રણમાં કે શું જૂનાગઢમાં, કોઈને પાણીનું દુ:ખ રહેશે નહીં ! પણ નર્મદાના નીર કચ્છના નાના–મોટા રણમાં કે અંજાર, લખપત, નખત્રાણા, અબડાસા કે રાપર સુધી પહોંચવાના નથી. સૌરાષ્ટ્રમાં પણ સુરેન્દ્રનગર ને ભાવનગર જિલ્લાઓમાં અને તે પણ અમુક જ તાલુકાઓમાં પહોંચશે. મોટા ભાગનો ભાવનગર જિલ્લો કે રાજકોટ, જામનગર, જૂનાગઢ કે અમરેલી એમ સૌરાષ્ટ્રભરમાં પાણી પહોંચવાનું જ નથી. હજી ૧૯૮૯ના સપ્ટેમ્બરની ૯મી તારીખના 'ગુજરાત સમાચાર' ને બીજા છાપાંઓના અહેવાલો પ્રમાણે ગુજરાત રાજ્યના આરોગ્ય પ્રધાન વલ્લભભાઈ પટેલે જણાવ્યું હતું કે સરદારસરોવરની યોજનાથી માત્ર સુરેન્દ્રનગર, ભાવનગર ને રાજકોટ જિલ્લાના અમુક હિસ્સા ને જ તેના પાણીનો લાભ મળવાનો છે. જ્યારે હકીકતમાં જામનગર, અમરેલી કે જૂનાગઢ જિલ્લામાં નર્મદા યોજનાના પાણીનું ટીપુંય મળવાનું નથી. તેનના કહેવા મુજબ 'સૌરાષ્ટ્રના આઠ ભાગ કરીએ તો ભાગ્યે જ એક ભાગ ને નર્મદા યોજનાનો લાભ મળશે.'

વળી પીવાના પાણી આશરે ૪,૭૦૦ ગામડાં અને ૧૩૧ કસબાઓને મળશે પણ તેમાંથી ખરેખર જરૂરિયાતવાળા કે દુષ્કાળગ્રસ્ત કેટલા છે તેની વિગતવાર ચર્ચા કે માહિતી જાહેર થતી નથી. નર્મદા નદીના પાણીનો લાભ ભરૂચ જિલ્લામાં જંબુસર, મિયાગામ, લુહારા, અમલેશ્વર, વાગરા ને આમોદ તાલુકાઓ, વડોદરા જિલ્લામાં રનોલી, સાકરદા, દેણા, કુંડલા, તિલકવાડા ને શિનોર તાલુકાઓમાં, પંચમહાલમાં ડેસર ખાતે, ગાંધીનગર જિલ્લાના અમુક ભાગોમાં, અમદાવાદ જિલ્લામાં ખારાઘોડા, સાણંદ, ધોળકા, બાવળા, નળ ને છારોમાં...મહેસાણામાં રાજપુરા, બેડેરો ને ઝાંઝુવાડિયા, બનાસકાંઠામાં ગોટ્રીસ, ધીમા, માલ્સાનંદ, મોડકા, વાજપુર, પટીઈ ને રાધવપુર સુધી. કચ્છમાં ભચાઉ–માંડવીની અત્યંત સાંકડી પટ્ટી ને ! ભાવનગરમાં વલભીપુર ને બાટાદ બે ઠેકાણે ને સુરેન્દ્રનગર ખાતે માળિયા, મોરબી, લીમડી, લખતર, હળવદ ને ધાંગધ્રા લગી. કચ્છના રણમાં પાણી લઈ જવા ટ્રિબ્યુનલમાં ખૂબ ચર્ચા થઈ હતી. કૃષિનિષ્ણાતોએ કહ્યું હતું કે રણમાં પાકને અઢળક પાણી જોઈશે. ઉપરાંત ખારાશ એટલી બધી છે કે તે ધોઈ નાંખવા વધારે પાણી જોઈશે. આખરે કચ્છની વાત પડતી મૂકાઈ હતી.

**પાણી જ્યાં પહોંચવાની ધારણા છે તે ક્યારે ને કેટલા વર્ષે પહોંચશે ?**

નર્મદાનું આયોજન ત્રણ તબક્કામાં છે. બંધ ૩૧૦ ફૂટ જેટલો ઊંચો થાય તો જ પાણી નહેરમાં વહેવા માંડે, એટલે પહેલા તબક્કામાં ૧૪૪ કિ.મી. નહેર બાંધી મહી નદી સુધી પાણી સાત વર્ષે પહોંચે. ત્યાંથી બીજા તબક્કામાં અમદાવાદ સુધી દસમાં વર્ષે અને કચ્છની પટ્ટી કે રાજસ્થાનમાં વીસ વરસ બાદ મુખ્ય નહેર--શાખાઓ--ઉપશાખાઓની જાળ પથરાઈ રહે પછી જ પહોંચે !

**ધાર્યું છે તે તમામ વિસ્તારોમાં વીસ વર્ષેય પાણી તો જ પહોંચે જો પુનાસા ખાતે નર્મદાસાગર બંધ બને !** નર્મદા સાગરમાંથી વીજળી પેદા કરી પાણી ઓમકારેશ્વર બંધમાં જાય ને ત્યાંથી વીજળી પેદા કરી પાણી મહેશ્વરબંધમાં થઈ આપણે ત્યાં સરદાર સરોવરમાં આવે. આ ઉપરવાસમાં યોજનાઓ (અત્યારે માત્ર કાગળ ઉપર છે) થાય જ નહીં તો સરદાર સરોવર ભેંકાર ભૂતાવળ જ રહે ! એકવાર ચોમાસામાં ભરાય તેટલી જ સરોવરની ટાંકી ભરી લેવાની ! પછી બીજા ચોમાસાની રાહ જોવાની. એટલું પાણી સૌરાષ્ટ્ર તો શું વડોદરા--ભરૂચને ય માંડ ચાલે !

જો એમ થાય તો વિજળી ય પેદા નહીં થાય. જો કે વિજળી પેદા થાય તો પણ ગુજરાતે બહુ ખુશ થવા જેવું નથી. જે ૧૦૦ યુનિટ વિજળી પેદા થશે તેમાંથી ચુકાદા પ્રમાણે ગુજરાતે ફક્ત ૧૬ યુનિટ જ લેવાના છે. બાકીના મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રને પહોંચાડવાની છે. આમ પણ સિંચાઈ માટે પાણી વપરાતાં વિજળી ધીમે ધીમે ઓછી જ પેદા થશે.

વળી પાણીની વહેંચણી અંગે બીજા પ્રશ્નો પણ ઊભા થાય જ છે. ગુજરાતના ૧૮૪ તાલુકાઓમાંથી ૬૧ તાલુકાઓ સરદાર સરોવર યોજનાના પ્રભાવક્ષેત્રમાં સંપૂર્ણ રીતે કે અંશતઃ આવશે. આ ૬૧ તાલુકાઓ બાકીના ૧૨૩ તાલુકાઓની સરખામણીએ વધારે સારી પરિસ્થિતિમાં આજે છે. આ ૬૧ તાલુકામાં વાવેતર હેઠળની સરેરાશ જમીન ભૌગોલિક વિસ્તારના ૬૮ ટકા છે જ્યારે ૧૨૩ તાલુકામાં માત્ર ૪૫ ટકા છે. તેવી જ રીતે સરેરાશ સિંચાઈ-યુક્ત વિસ્તાર બીજા તાલુકાઓની સરખામણીએ ૧૧ ટકા વધારે છે. ૧૯૮૧ સુધી ગુજરાતમાં અમલમાં આવેલી નાની સિંચાઈ યોજનાઓના ૧૯.૮ ટકા યોજનાઓ આ ૬૧ તાલુકાઓમાં આવી છે. એવી જ રીતે મોટી અને મધ્યમકક્ષાની ૫૫.૫ ટકા યોજનાઓ આ વિસ્તારમાં છે, ૧૯૭૮માં કપાસના વાવેતર હેઠળના જમીનના ૭૦ ટકા આ ૬૧ તાલુકામાં આવેલા હતા જે દર્શાવે છે કે આવા વધારે સારી લાભદાયક સ્થિતિમાં આવેલા વિસ્તારોમાં વધુ સિંચાઈ યોજનાઓ કરી વધુ સિંચાઈની શક્તિ પેદા કરવામાં ડહાપણ કેટલું ?

વિશેષમાં ગુજરાતની અત્યાર સુધીની ૧૧ મોટી ને મધ્યમ કક્ષાની મહત્વની યોજનાઓમાં ૧૯૭૭--૭૮ સુધી સરેરાશ ઉપયોગ ૫૦ ટકા જેટલો રહ્યો છે. તેમાંની પાંચ યોજનાઓમાં તો પાણીના ઉપયોગની કાર્યક્ષમતા માત્ર ૩૪ ટકા રહેલી છે. એટલે કે ૬૪ ટકાનો વ્યય થાય છે. — સરદાર સરોવર યોજનાનો વધુ કાર્યક્ષમ ઉપયોગ થશે એની ખાતરી ખરી ?

**વિજળીનું શું ?**

કુલ સ્થાપિત શક્તિ ૧૪૫૦ મેગાવોટ છે. જ્યારે અસરકારક શક્તિ પહેલા તબક્કે ૩૦૦ મેગાવોટ રહેશે. જેમ જેમ પાણીનો વપરાશ વધતો જશે તેમ તેમ આ શક્તિ ઓછી થશે અને છેવટના તબક્કે ૧૫૦ મેગાવોટ રહેશે.

આ ઉપરાંત મહત્વનો મુદ્દો તો એ છે કે વિજળીશક્તિ તો જ્યારે પહોંચાડાય ત્યારે ખરી. ૧૯૬૦ના અરસામાં પૂર્ણ થયેલી ઉકાઈ--કાકરાપાડા યોજનામાંથી વિજળીશક્તિના મળનારા લાભોના જે સ્વપ્નાં લોકોને બતાવવામાં આવ્યા હતા તે તો માત્ર દીવાસ્વપ્નો જ પુરવાર થયા છે.

વળી આ વિજળીશક્તિના ઉપયોગના સામાજિક—આર્થિક ન્યાયના અને વહેંચણીના પ્રશ્નો તો ઊભા છે જ — વિજળી કોના માટે ?

**પીવાનું પાણી :**

સમગ્ર ભારતમાં મહાકાય બંધોથી હજારો લોકોને પીવાનું પાણી મળશે તે જાતના બણગા ફૂંકાયા છે પરંતુ અનુભવ બતાવે છે કે મોટા બંધો પીવાના પાણીની જરૂરિયાતને સંતોષી શકયા નથી. પીવાના પાણી માટે આટલી મોટી અને ખર્ચાળ યોજનાની જરૂરિયાત ખરી ? સાચી વાત તો એ છે કે માણસો અને પશુઓ માટે પીવાના પાણીને માટે અનેક વૈકલ્પિક વિકેન્દ્રિત યોજનાઓ થઈ શકે તેમ છે. અત્યાર સુધી શહેરો સિવાય ગામડાઓને ચોકખું પાણી પુરું પાડવું જોઈએ તે વિશે માત્ર સૂત્રો પોકારાયા છે, કામ કશું કરવામાં નથી આવ્યું. જેથી આજે ૪૦ વર્ષ પછી હજારો ગામડાઓને ચોકખું પાણી આપી શકાયું નથી.

આ ઉપરાંત પાણી માટે ઉદ્યોગોની અને માનવ જરૂરિયાતો વચ્ચેના સંઘર્ષમાં છેવટે ઉદ્યોગોની તરફેણમાં જ પલ્લું નમશે અને ઉદ્યોગો પાણી પચાવી પાડશે, સામાન્ય માણસો પાણી વગરના રહેશે.

**પુરનિયંત્રણ :**

પુરનિયંત્રણની બાબતોમાં તો નિષ્ણાતોના અભિપ્રાય અને અનુભવ સ્પષ્ટ દર્શાવે છે કે આવી યોજનાઓથી ત્વરિત અને ઝડપી પુરની

શકયતાઓ વધે છે. મોટા બંધો માટી અને કાંપથી પુરાતા જાય છે. પાણી ભરવાની શકિત ઓછી થતી જાય છે. જ્યારે ઉપરના ભાગમાં વરસાદ પડે ત્યારે બંધો છલકાવા માંડે છે અને પાણી છોડવાના પરિણામે ભયંકર પૂરો આવે છે. તાજેતરમાં જ પંજાબમાં આવા પૂરોએ જ વિનાશ વેર્યો છે. તે બંધો દ્વારા પુરનિયંત્રણ અંગેના દાવાઓને પોકળ ઠેરવે છે.

**ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળોનો વિનાશ :**

નર્મદા યોજનાથી ભારતની આ પવિત્રમાં પવિત્ર અને પ્રાચીનમાં પ્રાચીન નદીના બે કાંઠા પર જે સંસ્કૃતિ અને સભ્યતાઓનું **સર્જન** થયેલું તેના અવશેષો, મંદિરો ને ઐતિહાસિકસ્થળોનો નાશ થશે. ખંડવા જિલ્લાનું હરસુદ શહેર આખુંય ડૂબી જશે. અતિ પ્રસિદ્ધ તીર્થો, મંદિરો, અમૂલ્ય પુરાતત્વની ગુફાઓ, જોગનો કિલ્લો – આ બધાના નાશના આંકડા કે અંદાજ મુકી શકાય એમ નથી.

## લાભાલાભનો હિસાબ

સૌ પ્રથમ પ્રાથમિક હિસાબ કાઢીએ. સરદાર સરોવર અને નર્મદા–સાગરમાંથી ઉત્પન્ન થનારી ૪૦૦ મેગાવૉટ વિજળી (કાગળ ઉપર)ને ૧૮ લાખ હેકટર જમીનમાં સિંચાઈની સામે આદિવાસીઓ સહિત ત્રણ લાખથી પણ વધુ લોકોની જિંદગી વેરવિખેર બની જશે... આ બધાના લેખાંજોખાં આપણે માંડીશું ખરા ?

ભારતીય આયોજન પંચે એવું ઠરાવ્યું છે કે યોજનાઓના લાભ-- ખર્ચનું પ્રમાણ (રેશિયો) હમેશાં ૧:૧.૫ હોવું જોઈએ. એટલે કે ખર્ચેલા દરેક રૂપિયાના બદલામાં ૧.૫ રૂપિયા મળવા જોઈએ આ કારણે નર્મદા યોજનામાં આંકડાઓની ભ્રમજાળ ને છેતરામણીની રમત શરૂ કરવાનું બહાનુ જ મળ્યું. યોજનાના લાભોની અતિશયોક્તિ થઈ ને ગેરફાયદાઓનું ઓછું મૂલ્યાંકન થયું.

નર્મદા સાગરનો આ રેશિયો ત્રણ ત્રણ વખત સુધારવામાં આવ્યો અને તે જ દર્શાવે છે કે જુદા-જુદા સરકારી સત્તાધિકારી મંડળોનો અભિગમ કેવો રહ્યો છે! પહેલા આ રેશિયો ૧:૧.૮૮ દર્શાવવામાં આવ્યો, ૧૯૮૪માં ૧.૭૪ થયો ને આ જ દસ્તાવેજમાં પરિશિષ્ટમાં આ રેશિયો ૧.૫૨ છે! આ સમયે સત્તાવાળાઓને લાગ્યું કે કેન્દ્ર સરકારની મંજુરી હાથવેંતમાં છે પરંતુ તે જ વખતે ભારત સરકારના પર્યાવરણ અને જંગલખાતાએ વડાપ્રધાન સમક્ષ એક નોંધ મૂકીને જણાવ્યું કે નર્મદા સાગરનું ત્રીસ હજાર કરોડ રૂપિયા ને સરદાર સરોવરનું દસ હજાર કરોડ રૂપિયા પર્યાવરણનું નુકશાન થશે!

સત્તાવાળાઓને તત્કાલિન એમ લાગ્યું કે મંજુરી નહીં મળે પરંતુ નવાં લાભ-ફાયદાઓને શોધી કાઢવામાં આવ્યા ને નવો રેશિયો તૈયાર થયો. દા.ત. કેચમેન્ટ વિસ્તારના વિકાસ, પ્રભાવક્ષેત્રનો વિકાસ અને સંશોધનનો કુલ ખર્ચો ૨૪.૯૮ કરોડ રૂપિયા દર્શાવેલો. હવે તેમના પોતાના જ દસ્તાવેજો પ્રમાણે ૭૦૦૦ કિ. મી. ના કેચમેન્ટ વિસ્તારના વિકાસ માટે જ ૩૦૦ કરોડ રૂપિયા, પ્રભાવક્ષેત્ર માટે ૨૪૩ કરોડ ને સંશોધન માટે વધારાના કરોડો રૂપિયા મળી બધુ થઇને ૫૫૦ કરોડ બતાવે છે !

આવી જ રીતે વિસ્થાપિતોના પુનઃવસવાટનો ખર્ચો પણ ઓછો બતાવ્યો છે. શરૂમાં ૧૬૦૦૦ કુટુંબોને પુનઃવસવાટ કરવાનો હતો, હવે નર્મદાસાગરની નોંધ પ્રમાણે ૧,૨૯૦૦૦ નો આંકડો દર્શાવાય છે. હજી તાજેતરની ગણતરી મુજબ આ આંકડો ૧,૭૦,૦૦૦ (૩૪૦૦૦ કુટુંબો) બતાવાય છે. આ જ રીતે લાભો પણ વિચિત્ર રીતે વધુ દર્શાવવામાં આવ્યા છે.

**સરદારસરોવરના કહેવાતા ફાયદાઓ પણ જાદૂઇ રીતે બદલાતા રહે છે! શરૂઆતના દસ્તાવેજો મુજબ ખેતપેદાશની વૃદ્ધિથી ૩૯૨ કરોડનો ફાયદો બતાવાયો છે, જ્યારે ગુજરાત સરકારનો સિંચાઇવિભાગ ૭૬૬ કરોડ રૂપિયાનો ફાયદો બતાવે છે ને વડાપ્રધાનને હમણા આપવામાં આવેલી નોંધ પ્રમાણે આ ફાયદો ૧૨૦૦ કરોડ રૂપિયાનો છે !**

જ્યારે આ આંકડાઓ ગોખલે ઇન્સ્ટિટ્યુટના જાણીતા અને નિષ્ણાત અર્થશાસ્ત્રીને બતાવવામાં આવ્યા ત્યારે તેમણે કહ્યું કે "આ આંકડાઓ માની ન શકાય એવા છે, જો દસ્તાવેજો મેં જાતે જોયા ન હોત તો હું વિશ્વાસ ન મૂકત ! સંબંધિત ઇજનેરો અજ્ઞાન લાગે છે... અને પોતે જાણતા નથી તે પણ તેઓ જાણતા નથી ! બેવડા આંકડાઓ ને અતિશયોક્તિ ઉપરાંત લાભાલાભના રેશિયો નક્કી કરવા માટે કોઇ પદ્ધતિ જ જણાતી નથી... આવા ઉપજાવી કાઢેલા આંકડાઓના છળકપટને કઇ રીતે આયોજનપંચે સ્વીકાર્યું હશે ?!"

પત્રકાર કલોડ આલ્વારિસ અને રમેશ બિલોરીના તાજેતરમાં પ્રગટ થયેલા પુસ્તક 'ડેમીંગ ધ નર્મદા'માં દર્શાવ્યા પ્રમાણે નર્મદાસાગરનો લાભાલાભનો રેશિયો ૦.૧૭ અને સરદારસરોવરનો ૦.૪૫ છે. જો તેમાં પર્યાવરણને લગતા ખર્ચાનો સમાવેશ ન કરીએ તો સમગ્ર રેશિયો ૦.૩૪ થાય છે. કે.જં.પર્યા. ખાતા મુજબ પર્યાવરણને લગતો ખર્ચ ઉમેરવામાં આવે તો નર્મદાસાગર માટે ૦.૦૧૭ અને સરદારસરોવર માટે ૦.૨૪ થાય ને સમગ્ર રીતે ૦.૧૧ થાય.

આવી જ રીતે પુનાના જાણીતા અર્થશાસ્ત્રી વિજય પરાંજપે જેમણે તેહરી બંધનો પણ લાભાલાભની દૃષ્ટિએ અભ્યાસ કર્યો હતો. તેમણે સરદાર

સરોવરના લાભાલાભનો અભ્યાસ અહેવાલ તૈયાર કર્યો છે. તેમના ૬ ઓકટો. '૮૮ના ઈન્ડિયન એક્સપ્રેસમાં છપાયેલા અહેવાલ પ્રમાણે મહત્વની યોજના માટે જરૂરી જાહેર મૂડીરોકાણની મંજુરી માટે લાભાલાભનું પ્રમાણ ૧:૧.૫ નક્કી કરાયેલું છે. ગાંધીનગર ખાતે નર્મદાપ્લાનીંગ ગ્રુપ તરફથી મુંબઈની જાણીતી તાતા ઈકોનોમિક એન્ડ કન્સલ્ટન્સી સર્વિસીઝ સંસ્થાએ સરદારસરોવરની આર્થિક ચકાસણી કરી હતી અને તે એવા નિર્ણય પર આવી હતી કે ૧૯૮૧—૮૨ની કિંમતે આ પ્રમાણ ૧:૧.૩૯નું છે. આ પરિક્ષણમાંથી ઘણા સંબંધિત બાંધકામોના ખર્ચાઓ ગણતરીમાં લેવામાં આવ્યા નથી. દા. ત. ગરૂડેશ્વર ખાતે વેયર (weir), મુખ્યબંધ પાસે સ્ટોરેજ બંધ (૫૦.૧૮ કરોડ રૂપિયા), વડગામ સેડલ ડેમ (૨૫.૭૧ કરોડ રૂા.) આવા બીજા અનેક ખર્ચાઓ જેવા કે ગુજરાતની સરહદ સુધી મુખ્ય પાવર હાઉસમાંથી વિજળી શકિત લઈ જવાનો ખર્ચો (૨૨.૭૪ કરોડ), હાઈડ્રો મીટીરિયોલોજીકલ નેટવર્ક તાલીમ અને ટેકનિકલ સહાય (૨૧.૯૯ કરોડ), પુનઃવસવાટ માટેનો ખર્ચો (૧૬૮.૦૮ કરોડ), બીજી જરૂરયાતો (૧૯૩.૬૦ કરોડ), વન્ય પશુ, વનસ્પતિ-જીવનના રક્ષણ માટે (૧૬ કરોડ), સ્રાવક્ષેત્રની માવજત માટે (૧૧ કરોડ) ને વૈકલ્પિક વનીકરણ (૪૬૪ કરોડ) જેવા મહત્વના ખર્ચાઓને ધ્યાનમાં લેવામાં આવ્યા નથી. અને સૌથી મહત્વનો ખર્ચ જેને ધ્યાનમાં લેવામાં નથી આવ્યો તે તો નર્મદાસાગર યોજનાના ખર્ચનો હિસ્સો જે સરદાર સરોવર યોજનાને માથે છે. નર્મદાટ્રીબ્યુનલના ચૂકાદા મુજબ આ ખર્ચનો હીસ્સો ૧૨૫.૫૭ કરોડ રૂપિયાનો હશે. આ રીતે ગણતરીમાંથી બાકાત રાખવામાં આવેલા ખર્ચાની રકમ ૧૦૯૮ કરોડ રૂપિયા જેટલી થાય છે. આ બધું જ ધ્યાનમાં લઈએ તો લાભાલાભનું પ્રમાણ ૧:૧.૧૭ જેટલું નીચું જશે, જે પ્લાનીંગકમીશનના ધોરણ મુજબ ઘણું ઓછું કહેવાય. આ બાકી રહેલા ખર્ચાની ગણતરી ૧૯૮૫માં ત્રણ વખત અહીં આવી ચૂકેલી વર્લ્ડબેંકની ચકાસણી સમિતિએ કરેલી છે.

ખુદ વર્લ્ડબેંકની પોતાની આર્થિક ગણતરી મુજબ આ યોજનાના આર્થિક બદલાનો દર ફક્ત ૧૩ ટકા છે જે ૧૨ ટકાના લઘુત્તમ લાભદાયક જરૂરિયાત કરતાં જરા ઉપર છે. તેણે એ પણ દર્શાવ્યું છે કે જો મૂળખર્ચમાં ૧૫ ટકાનો વધારો થાય તો યોજનાનો ચોકખો નફો શુન્ય થઈ જશે. પાંચ વર્ષનો વધુ સમય પણ આ જ પરિણામ લાવશે.

બીજો અગત્યનો સવાલ અર્થશાસ્ત્રી વિજય પરાંજપેએ ઊઠાવ્યો છે—આ યોજનાનોલાભ કોને મળશે? દક્ષિણગુજરાતના મેદાની વિસ્તારોને કુલ સિંચાઈનાં ૬.૪૫ ટકા જેટલો જ લાભ મળશે જ્યારે ગુજરાતના મધ્ય-વિસ્તાર અને પૂર્વસૌરાષ્ટ્રના વિસ્તારો જે વધારે વિકસિત છે તેમને ૭૬.૪૯ ટકા

લાભ મળશે. જ્યારે આ બધાની કિંમત ગરીબ આદિવાસીઓને ચૂકવવી પડશે.

વળી કહેવામાં આવે છે કે આ યોજનાથી ૧૮ લાખ હેક્ટર જમીનમાં સિંચાઈ મળશે જેનો પુરેપુરો લાભ ૨૩ વર્ષ બાદ મળી શકે તેવી આશા છે. અને આ સિંચાઈના જે લાભો બતાવવામાં આવ્યા છે તે દેશના કોઈ પણ રાજ્યની સરેરાશ પેદાશ કરતાં ઘણા ઊંચા છે. ઘઉં અને ડાંગરની પેદાશ આ યોજનાના પરિણામે જે બતાવી છે તે ગુજરાતની આજની પેદાશ કરતાં બે ગણી અને ખુદ પંજાબની આજની પેદાશ કરતા ય ઘણી બધી વધારે બતાવી છે!

આ છે સરદાર સરોવર ને નર્મદાસાગર પાછળ રહેલા બનાવટી લાભા-લાભના પ્રમાણનો ઈતિહાસ! હજી અહીં આપણે માનવહીનારતની ચર્ચા જ નથી કરી. ઘડીભર માની લઈએ કે આ યોજનાના તરફદારો ને વિરોધીઓ બન્ને પક્ષે અતિશયોક્તિ થતી હશે પણ એક વાત સ્પષ્ટ છે કે કોઈની પાસે સાચા આંકડા નથી. માત્ર કલ્પનાઓ પર રચાયેલા અંદાજો છે. આની ગણતરી કરવાની સર્વમાન્ય પદ્ધતિ અપનાવી નથી — તેને માટે જરૂરી એવા સર્વેક્ષણો અને અભ્યાસો નથી. સત્ય સ્વીકારવાની અને વસ્તુનીષ્ઠ વૈજ્ઞાનિક દૃષ્ટિ અપનાવવાની તૈયારી નથી. પ્રજાને સઘળી માહિતી પુરીપાડવાની ઈચ્છા નથી. તો પછી આ બધાની પાછળ છે શું? કોની ગણતરીઓ છે? કોના લાભોની વાતો થાય છે?

## આ અંગેના પૂર્ણ અભ્યાસ ક્યાં છે?

નર્મદા ટ્રીબ્યુનલના ચુકાદા પહેલાં ઊંચાઈ અંગેનું રાજકારણ ને ખેંચા-ખેંચ ચાલી. ટ્રિબ્યુનલ સમક્ષ મહત્વની ચર્ચા ને વિવાદ બંધની ઊંચાઈનો જ રહ્યો અને તેને માટેના અભ્યાસો, તર્ક ને દલીલો રહી — અને ટ્રીબ્યુનલના અહેવાલમાં પણ તે જ દેખાય છે. પણ આ આંતરરાજ્ય વિવાદ હોવાના કારણે બોજાની વહેંચણીનો પ્રશ્ન તેમાં સમાયેલો હોવાને લીધે જ વિસ્થાપનની ચર્ચા કરવામાં આવી — મહારાષ્ટ્ર ને મધ્યપ્રદેશના વિસ્થાપિતોનું ગુજરાતે શું કરવું? ધરતીકંપની શકયતાઓ વિશે અધકચરો ઉલ્લેખ જોવા મળે છે — બાકીના બીજા બધા જ પાસાઓ વિશે આ ચૂકાદો ચુપકીદી સેવે છે.

એટલે આ અભ્યાસો, સર્વેક્ષણો ને યોજનાઓ રહી સત્તાધારીઓના માથે—તેમને તો આ અંગે ખાસ ચિંતા ન હોય એ તો સાફ વાત છે! કેમ ઝડપથી બંધ બંધાય, ખર્ચાઓ શરૂ થાય, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી ને વર્લ્ડબેંક પાસેથી ઉધાર નાણાં લેવાય, રાજકીય પ્રચાર થાય ને પક્ષની

ગણતરીઓ મુજબ નિર્ણયો લેવા—આ સિવાય આ રાજકારણીઓ, રાજકીય પક્ષો, ઈજનેરો ને દરબારી પંડિતોને રસ પણ શું હોય ?

જેમ જેમ દુનિયાભરમાં ને ભારતમાં પ્રસરતી જતી પર્યાવરણ ને માનવહેનારત અંગેની ચેતના વધતી ગઈ તેમ તેમ આ અંગે દબાણો વધતા ગયા અને તેના જવાબમાં સરકારી આંકડાઓની માયાજાળ શરૂ થઈ. પ્રજાને અંધારામાં કેમ રાખવી, કેમ ગેરરસ્તે દોરવવી ને કેમ કરીને યોજના આગળ ધપાવવી એની ગંદી રમતો શરૂ થઈ. ૧૯૮૦માં કેન્દ્રસરકારે જંગલોના રક્ષણ માટે કાયદો બનાવ્યો ને જંગલના નાશ માટે કે જંગલ સિવાય બીજા હેતુ માટેના ઉપયોગ માટે કેન્દ્રસરકારની પૂર્વ મંજૂરીની આવશ્યકતા ઊભી થઈ. પર્યાવરણનું ખાતુ ખોલવામાં આવ્યું અને તેની મંજૂરી આવશ્યક બની. ખાતાએ નોંધો તૈયાર કરી. કેન્દ્રસરકારની મંજૂરી માટે લડત શરૂ થઈ, કેન્દ્રસરકારે લાંબા સમય સુધી મક્કમ વલણ રાખ્યું પરંતુ છેવટે રાજકીય ગણતરીઓ ને દબાણ હેઠળ કેન્દ્રસરકારે ૧૯૮૭માં જંગલ અને પર્યાવરણ અંગેની મંજૂરી—'કામચલાઉ' મંજૂરી આપી.

અત્યારે એમ કહેવામાં આવે છે કે ભારત સરકારે તો હવે પર્યાવરણીય મંજૂરી અને ૧૯૮૦ના કાયદા હેઠળની પૂર્વમંજૂરી આપી દીધી છે એટલે આ બધા વિવાદો અસ્થાને છે ને આ અંગેના બધા અભ્યાસો થયેલા જ છે નહીં તો મંજૂરી કેવી રીતે મળે ! ?—આ બાબતમાં ગુજરાત સરકાર પ્રજાને અંધારામાં રાખવા માંગે છે.

૧૯૮૪ના જૂનની ૨૫મીના પર્યાવરણ અંગેની મંજૂરી આપતું ઓફિસ મેમોરન્ડમ સ્પષ્ટ રીતે જણાવે છે કે 'યોજનાના સત્તાવાળાઓ પાસેથી નીચેના વિષયોની વિગતો માંગવામાં આવી હતી : (૧) પુનઃસ્થાપનનો માસ્ટરપ્લાન (૨) સ્રાવ વિસ્તારના ટ્રીટમેન્ટની વિગતવાર યોજના (૩) વૈકલ્પિક વનીકરણની યોજના (૪) લાભદાયી વિસ્તારનો વિકાસ (૫) વન્યવનસ્પતિ ને પ્રાણીઓનો સર્વે (૬) આજુબાજુના વિસ્તારોની શક્તિ (૭) ધરતીકંપ અંગેની શક્યતાઓ (૮) આરોગ્ય સામેના ભય...આ બધા અંગેના વિગતવાર, પાયાના અભ્યાસ હજી અધુરા છે....માત્ર પ્રાથમિક માહિતી આપવામાં આવી છે. આ બધા વિષેની સંપૂર્ણ વિગતો ૧૯૮૯ સુધીમાં પૂરી પાડવામાં આવશે એવી ખાતરી આપવામાં આવી છે."

અને એટલે મંજૂરી એ શરતે આપવામાં આવી છે કે આ બધા વિષયો અંગેના વિગતવાર અભ્યાસો વચન પ્રમાણે ને ચોક્કસ સમય અનુસાર પુરા કરવામાં આવશે. આ જ પ્રમાણે ૮/૯/૮૭ની ૧૯૮૦ 'ફોરેસ્ટ કાયદા હેઠળની પૂર્વમંજૂરીની પણ અનેક શરતો છે.

અહીં મૂળભૂત સવાલ તો એ છે કે આવી મહાકાય યોજના શરૂ કરતા પહેલા જે તદ્દન આવશ્યક પાયાના અભ્યાસો-સંશોધન કરવા જરૂરી છે તે પૂરા થયા વિના આવાં દૂરગામી પરિણામો લાવનારી યોજનાને મંજુરી કેવી રીતે આપી શકાય ? ને તેનું કામ પણ કેવી રીતે શરૂ કરી દેવાય ? માનો કે અભ્યાસ પછી લાગે કે યોજનાથી હાનિકારક પરિણામો આવશે તો આપણાથી પાછા કેવી રીતે ફરાશે ? અલબત્ત, સમય ઘણો થઈ ગયો છે અને એટલે એમ દલીલ કરવામાં આવે છે કે ક્યાં સુધી રાહ જોવી ? તો પછી સવાલ એ પણ થાય છે કે આટલા વર્ષો થયા તે દરમ્યાન શું કર્યું ? કેટલાક તદ્દન નવા સવાલોને બાદ કરીએ તો પણ બીજા ઘણા અભ્યાસો જે થવા જોઈએ, જેને બધા જાણતા હતાં તે કેમ પૂરા કરવામાં ન આવ્યાં ? કે પછી રાજકીય ગણતરીથી અને અમુક સ્થાપિત હિતોને ધ્યાનમાં રાખીને જ નક્કી કરવામાં આવેલી યોજના માટે સમાજની ને લોકોની ચિંતા શું લેવા કરવી ? આફત આવશે ત્યારે દેખા જાયેગા ! શું આનાથી વધારે લોકવિરોધી ને લોકહિતઘાતક નીતિ અને વર્તન હોઈ શકે ?

## લાખો વિસ્તાપિતોનું શું ?

આ સરદાર સરોવર ને નર્મદાસાગર કોના ભોગે બંધાશે ? સરદાર સરોવરમાં ૨૩૭ ગામો અને એક લાખથી પણ વધારે લોકો, જ્યારે નર્મદા સાગરમાં ૨૫૪ ગામો ને બ લાખથી પણ વધારે લોકો વિસ્થાપિત બનશે. આમાં સાઈઠ ટકાથી પણ વધારે આદિવાસીઓ—દલિતો ને અન્ય ગરીબવર્ગના લોકો છે. આખરે સમગ્ર નર્મદાખીણ વિકાસયોજનાથી તો દસ લાખથી પણ વધારે લોકો અસરગ્રસ્ત બનશે.

અગાઉ આપણે સરદાર સરોવરના લાભાભાભની વિવાદાસ્પદ ચર્ચાઓને આંકડાઓની માયાજાળ જોઈ...પણ આ બધાની વચ્ચે પૂરેપૂરા સો ટકા નિશ્ચિત ને સ્પષ્ટ નુકશાન છે અને તે હજારો માનવ કુટુંબોનું જે મુખ્યત્વે આદિવાસીઓ છે જેઓ પોતાની જમીન, ઘર, કુદરતી સાધનોની પ્રાપ્યતા, પરંપરાગત અનુકૂલન સાધતું જીવન, સમાજ ને સંસ્કૃતિ ગુમાવશે. આટલી મોટી સંખ્યામાં ગરીબ લોકોનો બલિ ચઢાવવાનો આપણો અધિકાર ખરો ? અમદાવાદ કે વડોદરા શહેરના સંપન્ન વિસ્તારમાં આવી કોઈ યોજના 'વિકાસ'ના નામે મૂકવામાં આવે...ને સુખી-સંપન્ન લોકોને ત્યાંથી હટી જવાનું કહેવામાં આવે ને ગામડામાં જવાનું કહેવામાં આવે તો તે લોકોનો પ્રતિભાવ શું હશે ? આ વિશે જરા કલ્પના કરી જુઓ ! કે પછી આપણે એમ માનીએ છીએ કે અસ્પષ્ટ 'દેશહિત' ને કહેવાતા 'રાષ્ટ્રીય વિકાસ'ની વેદી પર વધ ચઢાવાતા બલિ

તરીકે આ ગરીબ લોકો ફેંકી દઈ શકાય એવા પ્રાણીઓ છે ? શું આ કમનશીબ માનવીઓને કદી પણ આવી ભવ્ય યોજનાઓ વિશે કશું પૂછવામાં આવ્યું છે ખરું ? અરે ! પૂછવાની વાત જવા દો, પણ તેમને આ સમગ્ર યોજનાની સંપૂર્ણ માહિતી ને જાણકારી ય આપવામાં આવી છે ખરી ?

અત્યાર સુધીમાં કહેવાતી આધુનિક યોજનાઓને નામે લાખો લોકોને પોતાના જીવન, ગ્રામ, સમાજ ને સંસ્કૃતિમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે અને આજે તેઓ ક્યાં તો શહેરમાં રોજી માટે ફાંફાં મારતા ઝૂંપડાવાસીઓ કે ગામડાઓમાં લઘુત્તમ વેતન વિના જીવન ગુજારતા જમીનવિહોણા સ્થળાંતરીય મજૂરો તરીકે સારા દેશમાં વેરવિખેર પથરાયેલા જણાય છે.—સવાલ એ છે કે શા માટે ? કોના માટે ? કયા દેશ માટે ? કોના રાષ્ટ્ર માટે ?

સામેથી જવાબ મળશે — 'આ બધું તો ઠીક, પણ અમે તમારા માટે દેશભરમાં સૌથી આદર્શ ને 'પ્રગતિશીલ' પુનઃવસવાટની યોજના બનાવી છે. જેને પરિણામે તમે અત્યારના કરતાં પણ વધારે સારી આર્થિક પરિસ્થિતિમાં જીવશો, દરેકને પાંચ એકર જમીન, અરે ! જમીનવિહોણા ખેતમજૂર અને ગેરકાયદે સરકારી જમીન ખેડનારાને પણ પાંચ એકર ! ને મકાન, કામચલાઉ આર્થિક મદદ યોજના, વિમા યોજના, સબસીડી, વિજળી વગેરે... વગેરે... ! આવો ! સાથે મળીને બધાનો પુનઃવસવાટ કરીએ ! કાગળ પર ભલાભોળા દેખાતા, ગરીબલક્ષી ને માનવપ્રેમી આ શાસકોના વર્તન અને તેમની નીતિ તરફ જરા નજર નાંખીએ...

અત્યારલગીની નર્મદાયોજનાની સમગ્ર ચર્ચામાં માત્ર બંધની ઊંચાઈઅને વધારેમાં વધારે લાભ કેવી રીતે મેળવવો એ જ પ્રશ્ન અગ્રસ્થાને રહ્યો છે. વિસ્થાપિતોનો પ્રશ્ન તો ચર્ચવા યોગ્ય લાગ્યો જ નથી. નર્મદા ટ્રીબ્યુનલમાં આ પ્રશ્ન આછો—પાતળો ચર્ચાયો તેના કારણ અગાઉ જોઈ ગયા છીએ કે સરદાર સરોવરને કારણે મહારાષ્ટ્ર-મધ્યપ્રદેશના ગામો પણ ડૂબમાં જાય છે. જેની જવાબદારી ગુજરાતને માથે રહે ને તેને તેની જવાબદારી અદા કરવી પડે—અને તેને લઈને ચુકાદામાં પુનઃવસવાટના સિદ્ધાંતો નક્કી થયા. પણ આતો મહારાષ્ટ્ર ને મધ્યપ્રદેશના વિસ્થાપિતોની વાત થઈ... ગુજરાતના વિસ્થાપિતોનું શું ? વર્ષો સુધી ગુજરાત સરકાર ગુજરાતના વિસ્થાપિતો માટે ટ્રીબ્યુનલના ચુકાદાના સિદ્ધાંતો અપનાવવા તૈયાર ન હતી. આ વિસ્થાપિતોની લાંબી લડતને પરિણામે અને સર્વોચ્ચ અદાલતમાં કેસ થયા પછી ગુજરાત સરકાર ત્રણે રાજ્યોના વિસ્થાપિતોને સમાન ધોરણ લાગુ પાડવા સંમત થઈ. શરૂઆતમાં થોડાં ગામો જે રીતે ખાલી કરાવાયા છે તે જોતા માલુમ પડે છે કે ગુજરાતના શાસકો કેટલા જુલ્મી થઈ શકે છે ! તે સમયે તેની સામે ગુજરાતહાઈકોર્ટમાં

ને ત્યાર બાદ સર્વોચ્ચ અદાલતમાં ધા નાંખવી પડી હતી. સર્વોચ્ચ અદાલતે સ્થળ તપાસ માટે કમીશ્નર મોકલ્યા. (જેમનો અહેવાલ વાંચવા જેવો છે.) કહેવાતી ખાનગી સમજુતીથી આદિવાસીઓ પાસેથી જમીન લઈ લેવામાં આવી હતી. નોટીસ વગર જ ઘણાને જમીન પરથી હાંકી કાઢવામાં આવ્યા હતા... સર્વોચ્ચ અદાલતના મનાઈહુકમનો પણ ખૂલ્લંખૂલ્લા ભંગ કરવામા આવ્યો હતો. આ કેસ હજી ય સર્વોચ્ચ અદાલતમાં પડી રહ્યો છે.

ત્યાર બાદ વિસ્થાપિતો અને તેમની સંસ્થાઓના લાંબા આંદોલન અને વિશ્વબેંક સહિત બીજા અનેક બળોના દબાણ હેઠળ ગુજરાત સરકારને વિસ્થાપિતો માટે ઠરાવો બહાર પાડવાની ફરજ પડી. છેક ૧૯૮૭ ના ડીસેમ્બરમાં સરકારે દરેક કુટુંબને ઓછામાં ઓછી પાંચએકર જમીન આપવાના ઠરાવો કર્યા. આ બધા ઠરાવોમાં ગુજરાતના વિસ્થાપિતો માટે ઘણી અસ્પષ્ટતાઓ રહી. જ્યારે મહારાષ્ટ્ર ને મધ્યપ્રદેશના વિસ્થાપિતો માટે ઘણી ઉણપો, અનિશ્ચિતતાઓ અને અસમાન વર્તાવ રહ્યો. આ બધાની વચ્ચે ૩૧ જાન્યુઆરી ૧૯૮૮ ના રોજ ત્રણે રાજ્યોના વિસ્થાપિતોએ કેવડીયા ખાતે વિશાળ રેલી કાઢી ને પ્રોજેક્ટના અધિકારીઓને મેમોરેન્ડમ આપ્યું અને જાહેર કર્યું કે એપ્રિલની આખર સુધીમાં વિસ્થાપિતોની માગણીઓ અંગે સરકાર સંતોષકારક જવાબ નહીં આપે તો જબરજસ્ત આંદોલન શરૂ કરવું પડશે. ૧૫ મે ના રોજ નર્મદા-કંટ્રોલ ઓથોરીટી (એન.સી.એ.) ના ઉચ્ચ અધિકારીઓ સાથે મહારાષ્ટ્ર ને મધ્યપ્રદેશના વિસ્થાપિતોના પ્રતિનિધિઓ અને સંસ્થાઓની સાત કલાક લાંબી ચર્ચાઓ કેવડીયા ખાતે થઈ. ચર્ચા બાદ વિસ્થાપિતો ને કાર્યકરો એવા ચોક્કસ તારણ પર આવ્યા કે ત્રણે રાજ્યોના વિસ્થાપિતો માટે સંપૂર્ણ, ન્યાયી ને સંતોષકારક પુનઃવસવાટની કોઈ યોજના રાજ્યો પાસે નથી તેમ જ તેના અમલીકરણ માટે ન પૂર્ણ ઈચ્છા છે કે ન શક્તિ. તે જ દિવસે ગુજરાતની છાત્રસંઘર્ષ વાહીનીએ પણ ગુજરાતના વિસ્થાપિતોની રેલી કાઢીને સરકારની નીતિ તેમ જ તેના અમલીકરણ વિશે શંકાઓ ઉઠાવી. સરકારના બદઈરાદાઓને પડકાર્યા.

ત્યારબાદ ગુજરાત સરકારે સરકારી જમીન કે બીજી રીતે જમીન આપવાની અશક્તિ દર્શાવીને વેચાણ દ્વારા ખાનગી જમીનો અપાવવાનો અભિગમ અપનાવ્યો. સરકારે 'ખરીદ સમીતી' બનાવી જેમાં છાત્રસંઘર્ષ વાહિનીએ પણ ભાગ લીધો અને ખાનગી રાહે વિસ્થાપિતોને જમીન મળે તેના પ્રયત્નો આદર્યા છે.

વળી પુનઃવસવાટના પ્રશ્નની આજની વાસ્તવિક પરિસ્થિતિ જોઈએ તો ૧૯૮૮ ના મે મહિનામાં ભારત સરકારના સમાજકલ્યાણ ખાતાના સચિવ અને એન. સી. એ.ના પુનઃવસવાટ જુથના અધ્યક્ષ શ્રી એસ. એસ. વર્માએ પુનઃ-

વસવાટના સવાલ અંગે ત્રણે રાજ્ય સરકારોને ગંભીર ચેતવણી આપી હતી. જુલાઈ ૧૯૮૮ ની નર્મદા કંટ્રોલ ઓથોરીટીની બેઠકમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે હજી આજ દિન સુધી પુનઃવસવાટ અંગે પ્રાથમિક માહિતી જેવી કે અસરગ્રસ્ત ગામો અને કુટુંબોની સંખ્યા, ડૂબમાં જનારી જમીનોની વિગતો, પાણી ચારેકોર ફરી વળવાથી કે બીજા કારણોસર જે મહોલ્લાઓને અસર થશે તેની વિગતો વગેરે ત્રણે રાજ્યોમાં ઉપલબ્ધ નથી.

આ અંગે મહારાષ્ટ્રનો જ દાખલો લઈએ. પહેલા ૩૩ અસરગ્રસ્ત ગામોમાંથી ૧,૩૫૮ કુટુંબો અસરગ્રસ્ત છે એમ દર્શાવાયેલું. આજે ૨૭૩૫ કુટુંબો બતાવાય છે ! યોજનાથી અસર થનારી ખેતીલાયક જમીન ૨૫૦૦ હેક્ટરથી વધી ૩,૫૦૦ હેક્ટર સુધી થઈ છે. ને આ પણ વાસ્તવિકતામાં ઓછી બતાવાઈ છે. જે જમીનો પુનઃ વસવાટ માટે બતાવવામાં આવી હતી તે પણ વિસ્થાપિતો ને જિલ્લા અધિકારીઓએ સ્વીકારી નથી. આજે મહારાષ્ટ્ર સરકાર ઉજડી ગયેલા જંગલની ૧,૨૦૦ હેક્ટર જમીન બતાવે છે પરંતુ તેના ઉપયોગ માટે કેન્દ્રસરકારની કોઈ મંજૂરી મેળવી નથી અને મળવાની કોઈ શક્યતા નથી. એકલા મહારાષ્ટ્રના વિસ્થાપિતો માટે જ તેની સરકારના મંતવ્ય મુજબ ૩,૫૦૦ હેક્ટર જમીનની જરૂર પડશે—ખરેખર ૫,૦૦૦ હેક્ટર જમીનની જરૂર પડશે. મધ્યપ્રદેશની બાબતમાં કોઈ માહિતી જ ઉપલબ્ધ નથો—જમીન ઉપલબ્ધ થશે કે નહીં તે અંગે પણ નહીં ! કેન્દ્રીય સત્તાવાહકોની બેઠકમાં તેની કબૂલાત કરવામાં આવી છે. કેટલાક વિસ્થાપિતોના સંગઠનો એવા નિર્ણય પર આવ્યા છે કે ત્રણે રાજ્યોના બધા જ ૨૩૫ અસરગ્રસ્ત ગામો માટે જમીનના બદલે જમીન આપવાનું વાસ્તવિક રીતે શક્ય જ નથી બનવાનું.

મધ્યપ્રદેશ ને મહારાષ્ટ્રની આ સ્થિતિ છે તો ગુજરાતના વિસ્થાપિતોની દશા એટલી જ ખરાબ છે. આજની કેવડીયા કોલોનીની આલિશાન ઈમારતો બનાવવા માટે ખાલી કરાયેલા કેવડીયા, કોઠી, નવાગામ વગેરે છ ગામોની જમીનો ઠેઠ ૧૯૬૦-૬૧માં લઈ લેવામાં આવી હતી તેમને સરકાર 'અસરગ્રસ્ત લોકો' તરીકે ગણવા તૈયાર નથી અને એથી આજે જમીનવિહોણા બની કેવડીયા કોલોનીની આજુબાજુ બદતર જિંદગી જીવી રહ્યા છે. વચનો અપાયાં છતાં ન જમીન આપવામાં આવી કે ન રોજગારી, થોડાકને દૈનિક મજૂરી પર ગખવામાં આવ્યા છે. એક બાજુ મુખ્યપ્રધાન વચન આપે છે કે તેમને પણ અસરગ્રસ્ત ગણવામાં આવશે તો બીજી બાજુ ગુજરાત સરકારના સચિવશ્રી કૃષ્ણમૂર્તિ જણાવે છે કે આ શક્ય નથી!—આ બે માંથી કોનું માનવું ?

ગુજરાત સરકારે પુનઃવસવાટની ચકાસણી ને મૂલ્યાંકન માટે નીમેલી એજન્સીના અહેવાલોમાંથી જ અત્યાર સુધી અધૂરાં પુનઃવસવાટ પામેલા ગામોની સાચી અવદશા સ્પષ્ટરૂપે બહાર આવે છે કુલ ૬૮૯ વિસ્થાપિત કુટુંબોમાંથી માત્ર ૪૩૫ કુટુંબો (૬૩%) જ નવા ઘરોમાં રહેવા ગયા છે. બાકીના કુટુંબો અનેક કારણસર જેવાં કે જંગલની પેદાશના અભાવે કે ગૌચરના અભાવે, નવી જમીન પરના બોજા ને લીધે નવી વસાહતમાં ગયા નથી ૭૮ ટકા કુટુંબોને અપાયેલા વચનો અને જાહેરાત મુજબની ઘરની જમીન કરતા ઓછી જમીન આપી છે. ખેતીની જમીનો પણ ઓછી અપાઈ છે— પાંચ એકર અપાઈ નથી. નવી વસાહતોમાં અનેક પ્રકારની હાડમારીઓ છે, કેટલીક જગાએ પીવાનું પાણી મેળવવું મુશ્કેલ છે. જ્યારે સુખા ગામે ૧૯૮૦ માં વિજળીની અરજી કરેલી હજી આજ લગી ત્યાં આવી નથી. કેટલાંક વિસ્થાપિત ગામો જેવા કે મુખડી, પાંચમૂળીમાં થોડાં કુટુંબોને અસરગ્રસ્ત ગણવામાં આવ્યાં નથી તેથી તેઓ ત્યાં એકલાં પડી ગયાં છે—પરિણામે તેમનું સામાજિક જીવન તદ્દન નાશ પામ્યું છે. જ્યારે પાંચમૂળી જેવું ગામ વેરવિખેર થઈ ચૂક્યું છે. અને તેના કુટુંબોને જુદી-જુદી જગાઓએ વસાવવામાં આવ્યાં છે.

વિસ્થાપિતોના સવાલો કાગળ પર સ્વીકારતી આ સરકાર 'સમાજહિત'ના નામે ગરીબ આદિવાસીઓની જમીન લઈ શકે છે ખરી પણ તેની પાસે એટલી તાકાત નથી કે આ યોજનાના લાભદાયી વિસ્તારોમાં જેમને લાભ થવાનો છે તેવા મોટા ખેડૂતોની વધારાની કે થોડી જમીન ય લઈ શકે. સરકારી જમીન છે નહીં ને ટોચમર્યાદાના કાયદા હેઠળ સરકાર જમીનો લઈ શકી નથી અને એટલે ખાનગી જમીનો ખાનગી ખરીદી દ્વારા લેવાનું નક્કી કર્યું છે. અને અધુરામાં પુરું આ જમીનો શોધવાનો બોજો ગરીબ આદિવાસીઓ પર લાદયો છે. વાજબી, ન્યાયી અને સંગીન પુનઃવસવાટની નીતિના મૂળભૂત સિદ્ધાંતોથી આ વિરુદ્ધ છે. વળી મોટાભાગના વિસ્થાપિતો કયાંતો ગરીબ હોવાના કારણે કે આધુનિક વ્યાપારી સમાજથી અપરિચિત હોવાને કારણે છેતરાશે. જ્યાં વિસ્થાપિતો સંગઠીત નથી અથવા જ્યાં તેમને મદદ કરનારી જાગૃત સંસ્થાઓ નથી ત્યાં આ વિસ્થાપિતાનું શું થશે ? જ્યારે બીજી બાજુ વધારાની જમીનો વેચવાવાળા માલિકો સરકારની ગરજ જોઈને પોતાની જમીનોના ભાવો આસમાને ચઢાવી દીધા છે. દા. ત. ડભોઈ તાલુકામાં જમીન માલિકો એક એકર જમીનના પચાસ હજાર રૂપિયા જેટલી કિંમત માંગે છે. શું તેને સામાજિક ન્યાય ગણી શકાય ? ભલે આ પૈસા સરકાર ચૂકવે તો પણ એનો બોજો છેવટે કોણ ઉઠાવશે ? વળી આ વેચાણ પર લેવાનારી ખાનગી જમીનો પર કોઈ ને કોઈ વ્યક્તિ કાંતો ગણોતીયા તરીકે કે ખેતમજૂર તરીકે

કામ કરતી હશે... તેને ખસેડીને બીજા વિસ્થાપિતો લાવવા એ કઇ રીતે સામાજિક ન્યાય ગણાશે? ને આજ સુધી સરકાર કેટલી જમીન ખાનગી રીતે ખરીદી વિસ્થાપિતોને આપી શકી છે? ૧૯૮૭ ડીસેમ્બરમાં જે ખરીદીને માન્ય કરવામાં આવી હતી તે જમીનો ગધેર ગામના વિસ્થાપિતો હજી લગી મેળવી શકયા નથી કારણ કે સરકાર માગ્યા ભાવ આપવા તૈયાર નથી.

પરિસ્થિતિ સ્પષ્ટ છે. ત્રણે રાજ્યોના બધા ૨૩૫ ગામોનો સંપૂર્ણ રીતે પુનઃવસવાટ કરવા માટે સરકારી યોજના, નીતિ, સાધનો અને કાર્યક્રમ તદ્દન અપૂરતા છે ને તે માટેની શકિત પણ નથી. ગુજરાત સરકારના પોતાના અંદાજ મુજબ વિસ્થાપિતો માટે કુલ ૪૩૦૦૦ હેકટર જમીન જોઇશે. જે મેળવવા સરકાર પાસે તાકાત, સાધનો કે તેની પાસે પૈસા કે જમીન ય નથી!

સરકારનો ઇરાદો સ્પષ્ટ છે. થોડા નમૂનાના ગામો ઊભા કરી બાકીનામાં ભય ઊભો કરવો ને દબાણ નીચે તેમને ખસેડવા. સારા ય દેશમાં ભાખડાથી માંડી ઉકાઈ બંધ સુધી ને ખુદ નર્મદાનદી પરના તાવી, બાર્ગી વગેરે બંધોમાં વિસ્થાપિતોની આ જ હાલત થઇ છે. ૧૯૮૮ ના જુન માસની ૩જી તારીખે થયેલી નર્મદા કંટ્રોલ ઓથોરીટીની બેઠકની મીનીટસ વાંચવા જેવી છે. તે મુજબ નર્મદાસાગર અને સરદાર સરોવર યોજનાઓ સાથે સાથે થવી જોઇશે અને જો પુનઃવસવાટની યોજના સંતોષકારક રીતે બનાવવામાં નહીં આવે તો બન્ને યોજનાઓને આર્થિક ભીંસ સહન કરવી પડશે. વધુમાં જણાવાયું છે કે આ બધી માહિતી લોકો પાસે, સ્વૈચ્છિક સંસ્થાઓ પાસે કે અખબારોના હાથમાં ન જવી જોઇએ!

શું આ 'આદર્શવાદી' — 'આદિવાસી ને ગરીબલક્ષી' પુનઃવસવાટની નીતિ છે? અને અહીં યાદ રાખવાની વાત એ છે કે આ વાત ૧૯૮૮ ના જુન માસની છે!

સારા ય દેશના મોટી યોજનાથી વિસ્થાપિત થયેલા લાખો લોકોની આ કરુણ કથની છે. અરે, બાજુમાં ઉકાઈ યોજના તરફ તો નજર નાંખો. નર્મદા યોજના પહેલાની ગુજરાતની ઘણી મોટી યોજના. સારા ય દક્ષિણ ગુજરાતનો નકશો બદલી નાંખશે. એવા બણગાં ફૂંકવામાં આવતા હતા. આજે શું દેખાય છે. દક્ષિણ ગુજરાતમાં જાહોજલાલી આવી, પણ ફક્ત મોટા ખેડૂતો માટે. હળપતિઓ અને ગરીબ આદિવાસીઓના જીવનમાં મહત્ત્વનો કોઈ ફેરફાર થયો નથી. હજારો વિસ્થાપિતોમાંથી પણ થોડાને વસાવવામાં આવ્યા બાકી વિકાસના બલિ તરીકે છોડી દેવાયા. શેરડીનું વાવેતર થયું. નાના ખેડૂતો પણ જમીનો ગુમાવી બેઠા. પરિણામે એક બાજુ નવ ખાંડના સહકારી કારખાના અને શેરડી પકવનારા ખેડૂતોની આબાદી અને બીજી બાજુએ

એક લાખથી પણ વધારે ગરીબ આદિવાસીઓ શેરડી કાપનારા કોયતાઓ તરીકે રોજનો ૧ રૂપિયો અને ૧ કિ. ગ્રા. જુવારની સામે ૭ થી ૮ મહિના ખુલ્લા આકાશમાં અમાનવીય જીવન વિતાવે છે. અને સીઝનને અંતે કાયદાએ નક્કી કરેલા ૧૧ રૂા.ની સામે રોજના ૪ થી ૫ રૂપિયા મજૂરી રળી ખાય છે. રસ્તાઓની આજુબાજુ ખોલકાઓમાં પડી રહેવું, આખો દિવસ શેરડી કાપવી, મોડી રાત સુધી ટ્રકોમાં શેરડી ભરવી, કેમ્પમાં રોટલો ખાઈ સૂઈ જવું — ૮ મહીના સુધી અને દરેક વર્ષે. ઉકાઈ બંધની નજર સમક્ષ પીવાના પાણી માટે ફાંફા મારવા, મચ્છરોને લીધે મેલેરીયા અને બીજા રોગોથી પીડાવું. કયા બંધની વાત કરો છો ? કોના બંધ ? કોનાવિકાસ ?કોના ખર્ચે ? કયાં છે લીલી હરિયાળી ક્રાંતિ ? કયાં છે આબાદી ? કયાં છે આર્થિક—સામાજિક ન્યાય ? અરે કયાં છે મનુષ્યસહજ સીધી સાદી માનવતા ? બધી જ ગ્યાએ આ જ ઇતિહાસ છે. આજની પરિસ્થિતિ પેદા કરનારા આપણા શાસકો પાસેથી શું આપણે બીજી અપેક્ષાઓ રાખી શકીએ ? આજે અને ભૂતકાળમાં એમનું કયું વર્તન, કયું વલણ, કયા મૂલ્યો, કયા આદર્શો છે જેનાથી આજે આપણને અરે, આ વિસ્થાપિતોને...કોઈ જ પ્રકારનો વિશ્વાસ ઊભો થાય ? અત્યાર સુધીનો સરદારસરોવરનો ઈતિહાસ પણ કયાં જુદો છે ? છેક ૧૯૬૦—૬૧માં જુઠા વચનો આપીને કેવડિયા, ગોરા, નવાગામ વગેરે ૬ ગામોને કેવડિયા કોલોની, નહેરના નામે ખસેડવા અને આ આદિવાસીઓને તેમની જમીન લઈ લઇ એકરના ૮૦ થી ૨૦૦ રૂા. વળતર આપી જમીનવિહોણા બનાવી દેવાયા. જમીનના બદલે જમીન અપાશે, દરેક કુટુંબને ઘર આપવામાં આવશે, દરેકને સારી નોકરી આપવામાં આવશે. આ બધા વચનો જુઠ્ઠા અને છેતરામણા ઠર્યા. હજુ આજે લગભગ ૭૦૦ કુટુંબો જમીનવિહોણા આજુબાજુ પડી રહ્યા છે. થોડાકને રોજીંદા મજુર તરીકે નોકરી મળી છે, કેટલાક બહાર ચાલ્યા ગયા. અને તેની બાજુમાં જ લગભગ ૩૯ કરોડના ખર્ચે આધુનિક કેવડીયા કોલોની બનાવવામાં આવી. આ ગરીબ આદિવાસીઓના જીવન, સમાજ અને સંસ્કૃતિના વિનાશ ઉપર એક આકર્ષક પર્યટનસ્થળ ઊભું થયું છે, જ્યાં આવનારા ગુજરાતના વિકાસવાંચ્છુઓ હિતેચ્છુઓને ખબર સુદ્ધાં પણ નથી કે તેઓ કોના ખંડેરો ઉપર ઉજાણી માણી રહ્યા છે. જો સરકાર જરા પણ ચિંતીત હોત, ગુજરાતના જ અંતર્ગત એવા આદિવાસીઓની આબાદી તેમના દિલમાં હોત તો આ આદિવાસીઓને ૨૮ વર્ષોમાં એક આદર્શ વસાહતમાં વસાવી શકયા હોત— વિકાસના સાચા ભાગીદાર તરીકે. ઠીક છે, આપણા લોકો નરમ છે, સહન કરવા ટેવાયેલા છે નહિ તો આ આદિવાસીઓએ પોતાની જ વિનાશક એવી કેવડીયા કોલોનીના ભૂકકે ભૂક્કા ઉડાવી દીધા હોત. એક બુદ્ધિગમ્ય અને ન્યાયી

દલીલ તો બતાવો જે આ આદિવાસીઓના વિસ્થાપનને તસુભાર પણ વાજબી ઠેરવી શકે અને તેને ગુજરાતના વિકાસ તરીકે ગણાવી શકે.

જ્યાં સરદારસરોવરના લાભો અનિશ્ચિત ભાવિમાં પડેલા હોય, જ્યાં તેના નુકશાનો અને ગેરલાભો છૂપાવવાના પ્રયત્નો થતા હોય, જ્યાં પાયારૂપ અભ્યાસો બાકી હોય, જ્યાં અન્યાયી અને અસમાનતા વધારનારા પરિણામો સ્પષ્ટ દેખાતા હોય અને આ બધાની વચ્ચે ૧ લાખથી પણ વધારે ગરીબ આદિવાસી, દલિત અને દબાયેલા, કચડાયેલા વિસ્થાપિતોના જીવન, સમાજ અને સંસ્કૃતિનો નિશ્ચિત વિનાશ અને અનિશ્ચિત ધૂંધળુ ભાવી; ન્યાયની, પ્રગતિની, સમાનતાની, માનવઅધિકારની, માનવકલ્યાણની કઈ કસોટીએ આપણે સરદાર સરોવરની યોજનાનો ગુજરાતની જીવાદોરી ઠેરવીશું ?

નર્મદા નદી ખીણ વિકાસ યોજનાના કારણે નર્મદા સાગરથી ૧,૩૦,૦૦૦ લોકો, સરદાર સરોવરથી ૧ લાખ લોકો અને સમગ્ર રીતે ૧૦ લાખ લોકો અસગ્રસ્ત થશે. આટલી વિશાળ સંખ્યામાં માનવસમુદાયનું સર્વસ્વ કોઈ કુદરતી હોનારતમાં ચાલ્યું ગયું તો તેને રાષ્ટ્રિય આપત્તિ ગણીશું. આ માનવસર્જિત હોનારતને આપણે શુ ગણાવીશું ? રાષ્ટ્રિય વિકાસ યોજના ? ૧૦ લાખ મનુષ્યોના જીવન જીવવાના મૂળભૂત અધિકારને ગમે તેવા કહેવાતા ઉચ્ચ આદર્શો કે હેતુઓ માટે ઝૂંટવી લેવાનો કોઈ પણ સમાજ કે રાષ્ટ્રને અધિકાર ખરો ? આ થઈ વિસ્થાપિતોના બંધારણે આપેલ અનુ. ૨૧ હેઠળના જીવન જીવવાના અધિકારની, અનુ. ૧૯ હેઠળ રાષ્ટ્રમાં ગમે ત્યાં જવાનો કે સ્થાયી થવાના અધિકારની અને પેઢીઓથી જ્યાં વસતા હોય ત્યાંથી ફરજીયાત કાઢી નહિ મુકાવાના અધિકારની વાત.

હવે ગુજરાતના વિશાળ માનવ સમાજની વાત કરીએ. અત્યારની દૃષ્ટિએ સરકારસરોવરની યોજનાના કુલ ખર્ચ લગભગ સાડાતેર હજાર કરોડ રૂપિયાનો તેમજ વિશ્વબેંક અને અન્ય રાજ્યોની લોનો ઉપરના વ્યાજનો ભાર આવતા ૫૦ વર્ષોમાં ગુજરાતની સામાન્ય પ્રજાને ભોગવવો પડશે, તે ઉપરાંત સરદારસરોવરની જે પ્રતિકૂળ અસરો થશે તેની કિંમત પણ તેમણે ચૂકવવી પડશે. તો લાભ કોને મળશે ? ગુજરાતની જીવાદોરી ગણાતી આ યોજના કોની જીવા દોરી નીવડશે ? આ આર્થિક સામાજિક ન્યાય અને વહેંચણીનો પ્રશ્ન અત્યંત અગત્યનાં છે અને તેને અલગ રાખીને કોઈ પણ વિકાસની યોજનાને તપાસી ન શકાય કે તેને અંગે આખરી નિર્ણય ન લઈ શકાય.

છેલ્લાં ૪૦ વર્ષના ગુજરાતનો વિકાસ શું દર્શાવે છે? ભારતના વિકસીત રાજ્યોમાં આગળની હરોળમાં ગુજરાત ઊભું છે, માથા દીઠ આવકમાં

ચોથા નંબરે. ઔદ્યોગિકરણમાં બીજા નંબરે, અને શહેરીકરણમાં બીજા નંબરે છે અને છતાં સમગ્ર ૩ કરોડ ૭૦ લાખની વસ્તીમાં આદિવાસીઓ (૧૪%) દલિતો (૭ ટકાનું) અને અન્ય પછાતવર્ગના (લગભગ ૪૦ ટકા) ને લઘુમતીઓ એમ મળીને લગભગ ૬૫ ટકા લોકો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે. આજે પણ ૪૫ ટકા લોકો ગરીબીરેખાની સપાટી નીચે રહે છે. ૧૬૧ તાલુકાઓમાંથી ૨/૩ તાલુકાઓ પછાત છે. ભારત સરકારે અને રાજય સરકારે નક્કી કરેલી અનામત જગ્યાઓનું પ્રમાણ હજુ સિદ્ધ કરી શક્યા નથી. છેક કચ્છ અને બનાસકાંઠાથી દક્ષિણમાં ડાંગ અને દ્વારકાથી પંચમહાલ જ્યાં જૂઓ ત્યાં જમીનવિહીન ખેતમજૂરો, સ્થળાંતરીય મજૂરો, અસંગઠિત શોષિત કામદારો, ગમે તેમ રોજી રળી લેતા નાના ધંધાદારીઓ નજરે પડશે. આટઆટલા ઉદ્યોગો થયા છતાં સામાન્ય મજૂરોની અવદશા જૂઓ. રાષ્ટ્રમાં—બંધોની બાબતમાં મહારાષ્ટ્ર પછી બીજા નંબરે ગુજરાત આવતું હોવા છતાં આ બંધોને લીધે કોની આબાદી થઈ તે પ્રશ્ન પૂછવા જેવો છે. સાબરકાંઠાના વેઠિયા મજૂરોની હાલત જૂઓ. ખેડા જીલ્લામાં તમાકુ બનાવનારા મજૂરોની દુર્દશા જૂઓ. ખુદ અમદાવાદ શહેરમાં મજૂર વિસ્તારમાં દષ્ટિપાત કરો. ખંભાતની આજુબાજુ અકીક ઉદ્યોગથી કે ગોધરાની આજુબાજુ ક્વાર્ટઝ ઉદ્યોગથી સીલીકોનથી પીડાતા હજારો કારીગરો અને મજુરો જુઓ. ભરૂચ કે વડોદરા જિલ્લાના રોજના લઘુત્તમ વેતન માટે ફાંફા મારતા અને રૂા. ૧૧ની સામે માત્ર ૫ કે ૬ રૂા. મેળવતા આદિવાસી ખેતમજુરોની હાલત જુઓ. ઉકાઈ બંધથી પેદા થયેલી શેરડીના પાકમાંથી શેરડી ઊગાડનારા સમૃદ્ધ ખેડૂતોની સામે ગરીબ આદિવાસીઓ શેરડી કાપનારા કોયતાઓની સામે જૂઓ. ભારતના બંધારણમાં મૂર્ત થયેલો આર્થિક—સામાજિક ન્યાય ક્યાંય દેખાય છે ? રાષ્ટ્રના વિકાસના લાભની ન્યાયી વહેંચણી ક્યાંય થઈ છે ? વિકાસનો બોજ સામાન્ય પ્રજા ભોગવે, જ્યારે લાભ થોડા વર્ગને મળે તે ન્યાય ક્યાંનો ? સમગ્ર વિકાસની દિશાએ ભારતના બંધારણના આત્માને કચડી નાંખ્યો છે. ઊલટાનું ભયંકર અસમાનતા સર્જાઈ છે. શોષણ વધ્યું છે, જુલ્મ ઉગ્ર થયો છે, ઘર્ષણો તીવ્ર થયા છે. સરદાર સરોવર યોજના શું કોઈ નવી પ્રતીભા ઉપસાવી શકશે ? ૪૦ વર્ષની પ્રગતિ અને વિકાસના પંથથી શું આપણને તદ્દન જુદા માર્ગ ઉપર લઈ જઈ શકશે ? હજુ તો સરદાર સરોવરનું પાણી તો મળ્યું નથી, પણ વડોદરામાં શેરડી ઉગાડવાનું આહવાન ખેડૂતોને આપવામાં આવ્યું છે. ચિહનો સ્પષ્ટ છે. પાણીનો ઉપયોગ વ્યાપારી પાક માટે થશે. વિજળીશક્તિનો ઉપયોગ ચોક્કસ વર્ગો માટે જ ઉદ્યોગો કરશે. ૪૦ વર્ષમાં પીવાનું પાણી જે સરકાર આપી શકી નથી તે સરદાર સરોવરથી આપી શકશે એવો વિશ્વાસ રાખી શકાય એમ નથી.

# પ્રજાને અંધારામાં શા માટે રખાય છે ?

દસલાખ જેટલી મોટી સંખ્યામાં માનવ સમુદાયનું સર્વસ્વ કોઈ કુદરતી હોનારતમાં ચાલ્યું જાય તો તે તેને રાષ્ટ્રીય આપત્તિ ગણીશું. પણ નર્મદાખીણ વિકાસ યોજનાની આ માનવસર્જિત હોનારતને આપણે શું ગણીશું ? રાષ્ટ્રીય વિકાસ યોજના ? દસલાખ માણસોના જીવન જીવવાના મૂળભૂત અધિકારને ગમે તેવા કહેવાતા ઉચ્ચ આદર્શો કે હેતુઓ માટે ઝૂંટવી લેવાનો કોઈ પણ સમાજ કે રાષ્ટ્રને અધિકાર ખરો ? આ થઈ વિસ્થાપિતોના બંધારણે આપેલા અનુચ્છેદ—૨૧ હેઠળના જીવન જીવવાના અધિકારની, અનુ—૧૯ હેઠળ રાષ્ટ્રમાં ગમે ત્યાં જવાનો કે સ્થાયી થવાના અધિકારની અને પેઢીઓથી જ્યાં વસતા હોય ત્યાંથી ફરજિયાત કાઢી નહીં મૂકવાના અધિકારની વાત !

જ્યાં વિકાસ યોજનાને નામે સત્તાધારીઓ શું રાંધી રહ્યા છે તેની જ માહિતી ન આપતા હોય કે જુઠ્ઠી માહિતી આપતા હોય ત્યાં આ દસલાખ લોકોના વસવાટના મૂળભૂત અધિકારને કોણ ગણકારશે ?

દેશના દરેક નાગરિકને રાજ્યને લગતી તમામ માહિતી ને જાણકારી (બહુ થોડા અપવાદો સિવાય) મેળવવાનો (Right to know) બંધારણીય અધિકાર છે. બંધારણમા અનુ—૧૯(૧) (અ) દરેક નાગરિકને વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય બક્ષે છે અને સર્વોચ્ચ અદાલતે આ સ્વતંત્રતાનું વિશાળ અર્થઘટન કરી Right to know—સંપૂર્ણ જાણકારી મેળવવાના અધિકારનો પણ તેમાં સમાવેશ કર્યો છે. પોતાના જીવન અને સમાજને અસર કરતી આવી વિશાળ યોજના વિશે સંપૂર્ણ માહિતી મેળવવાનો ગુજરાતની પ્રજાને અધિકાર છે અને તે પૂરી પાડવાની સરકારની ફરજ છે. ગુજરાત, મહારાષ્ટ્ર ને મધ્યપ્રદેશના લોકસંગઠનોએ નર્મદાસાગર અને સરદાર સરોવર યોજના અંગે શરૂથી અત્યાર સુધીની સંપૂર્ણ માહિતી ને જાણકારી માંગી છે, અને માંગતા આવ્યા છે. વિશ્વબેંક સાથેના કરારો, ભારત સરકાર સમક્ષ વારંવાર રજુ કરવામાં આવેલા અહેવાલો, ૧૯૮૮ ની પર્યાવરણ અને જંગલ અંગેના મંજુરીપત્રે લાદેલી શરતોના પાલન અંગેના રજુ કરવામાં આવેલા અહેવાલો, ઉપલબ્ધ જમીનો, વિસ્થાપિતો અંગેની સંપૂર્ણ માહિતી, સરકારની વિસ્થાપિતોની માગણીઓને સંતોષવાની તૈયારી સહિત પુનઃવસવાટ અંગેની સંપૂર્ણ યોજના, પુનઃસ્થાપનની કાર્યવાહી પરનું મૂલ્યાંકન કરવા ને નજર રાખવા ગુજરાત સરકારે નીમેલી એજન્સી, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ—સુરતના અહેવાલો અને યોજનાની આર્થિક સદ્ધરતા ને વાજબીપણું નક્કી કરવામાં સહાયરૂપ થાય એવા બધા દસ્તાવેજો વગેરની માગણીઓ વારંવાર કરવામાં

આવી છે. આમ છતાં સરકારે પ્રજાની આ વાજબી માગણી સંતોષવા કોઈ તૈયારી બતાવી નથી.

સંપૂર્ણ જાણકારીની વાતતો જવાદો, સરકારે પ્રજાને જાણીબુઝીને અંધારામાં રાખવાનો પેંતરો કર્યો છે ને સત્યને ઢાંકવાનો ને જુઠાણાનો આશરો લેવાનો પ્રયત્ન કર્યો છે. જે અંગેના કેટલાક નમૂના :

(૧) સરદાર સરોવરથી આખા સૌરાષ્ટ્રને પાણી મળશે તેવો જોરશોરથી પ્રચાર કરવામાં આવે છે જ્યારે વાસ્તવમાં આખા સૌરાષ્ટ્રના માત્ર ૧/૮ ભાગના વિસ્તારને જ પાણી મળશે જ્યારે બાકીના ૭/૮ વિસ્તારને ટીપુંય પાણી નહીં મળે.

(૨) કચ્છને માત્ર એક નાની પટ્ટીને પાણી મળશે—કચ્છને લીલીછમ વાડીમાં ફેરવી નાંખવાની વાત છેતરામણી છે.

(૩) પર્યાવરણની મંજુરી ભારત સરકાર પાસેથી મળી ગઈ છે એટલે હવે કંઈ કરવાનું રહેતું નથી અને વિવાદ અસ્થાને છે એમ કહી લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સાચી હકીકત એ છે કે આ મંજુરીપત્ર સ્પષ્ટ કરે છે કે મહત્ત્વના બધા જ અભ્યાસો બાકી છે અને ઝડપથી પૂરા કરવામાં આવશે એની ખાત્રી ગુજરાત સરકારે આપી છે.

(૪) સમગ્ર સરદાર સરોવર અંગેની પર્યાવરણ તેમ જ બીજીબાબતો અંગે દસ વર્ષ પહેલાં અભ્યાસ કરવામાં આવ્યો છે તેવા જુઠાણા રાજકીય નેતાઓ ફેલાવે છે. હજી તાજેતરમાં જ ગુજરાત સરકારે આ અંગે અભ્યાસ કરવા વડોદરા યુનિવર્સિટીને કહ્યું છે અને યુનિવર્સિટીના અહેવાલમાંથી સ્પષ્ટ થાય છે કે પહેલા અભ્યાસ કરવામાં આવેલો તે અપૂરતી માહિતીના આધારે ને માત્ર ૭ મહિનામાં જ કામચલાઉ ધોરણે કરવામાં આવ્યો હતો. હવે બધા જ પાસાનો ઊંડો અભ્યાસ જરૂરી છે અને કરવામાં આવશે.

(૫) સમગ્ર યોજનાના લાભાલાભના હિસાબ (Benefit-Cost ratio) વિશે સંપૂર્ણ માહિતી જાણીબુઝીને આપવામાં આવતી નથી.

(૬) ગુજરાતમાં દુકાળ વારંવાર થાય છે અને તેથી આ નર્મદા યોજના વિના ગુજરાત બરબાદ થઈ જશે એવો પ્રચાર કરવામાં આવે છે. જ્યારે નર્મદાનું પાણી ક્યા ક્યા વિસ્તારોમાં મળશે અને આ વિસ્તારોની સિંચાઈની આજે શી પરિસ્થતિ છે તે બાબતમાં અસ્પષ્ટતા રાખવામાં આવે છે. ખરેખર અછતવાળા વિસ્તારોમાં પાણી જશે અને જાય તો કેટલું જશે એ વિશેની જાણકારી આપવામાં આવતી નથી.

એક આદર્શ સમાજમાં જો પ્રજા ખરેખર શાસનમાં સાચા અર્થમાં ભાગીદાર હોય તો એક લાખ માણસોનો સર્વનાશ થાય એવી યોજના જ વિચારાય નહીં—એના ઘણા વિકલ્પો ઊભા થયા હોત. આખરે દસ લાખ માણસોના વિનાશ પર રચાયેલી આખી નર્મદા ખીણ વિકાસ યોજના બાહ્ય રીતે લોકશાહી દેખાતા પરંતુ સાચા અર્થમાં મુઠ્ઠીભર વર્ગોના એકહથ્થુ શાસનમાં જ શકય કે સંભવિત બને. જ્યાં પ્રજા નીતિ ઘડનારી નહીં પણ નીતિનો બોજ સહન કરનારી અને બલિનો બકરો બનનારી હોય ! વિસ્થાપિતોના એક સક્રિય કાર્યકર્તાએ સાચે જ કહ્યું હતું કે નર્મદા ટ્રિબ્યુનલ સમક્ષ બે સાચા પક્ષકારોને હાજર રાખવામાં ન હતા આવ્યા અને તેમને સાંભળવામાં આવ્યા ન હતા અને તેમાં એક વિસ્થાપિતો અને બીજી કુદરત !

હવે તેનો ઉકેલ એ નથી કે આવો ! તમને હવે સાંભળીએ ! બિનલોકશાહી રીતે લેવાયેલા નિર્ણયોને બાજુએ મૂકવા જ રહ્યા. કારણ કે આવા નિર્ણયો માત્ર પ્રક્રિયાની દૃષ્ટિએ કે ઔપચારિક રીતે અનિચ્છનીય કે નુકશાનકારી નથી હોતા —આવા નિર્ણયો પ્રજાના સાચા હિતને રક્ષનારા પણ નથી હોતા. જો શરૂઆતથી જ સાચી પ્રજાને કેન્દ્રમાં રાખીને તેઓ જ નિર્ણય લેતા હોત તો જુદા જ પ્રકારની પ્રજાલક્ષી, વિકાસલક્ષી, ન્યાયી અને અસમાનતાનો નાશ કરનારી યોજનાઓ ઘડાઈ હોત.

અને એટલા માટે જ લોકશાહીના ઈન્કાર પર રચાયેલી યોજનાઓનો વિરોધ કરવો એટલે પ્રજાના હિતના વિરુદ્ધનું કામ નથી પણ પ્રજાના સાચા હિતોનું રક્ષણ કરનારું કામ છે.

## પર્યાવરણ એટલે શું ?

મનુષ્ય અને સમાજ માટે અત્યંત આવશ્યક એવા પર્યાવરણ શબ્દને બદનામ કરી 'પર્યાવરણવાદીઓ'ને ગાળ આપવા માટેનો શબ્દ ગુજરાતના કહેવાતા હિતેચ્છુઓએ બનાવી દીધો છે અને ચારેબાજુ મજાકને પાત્ર બનાવવાની કોશિશ ચાલી રહી છે.

હજી હમણાં જ થોડાં વર્ષો અગાઉ પ્રાથમિક શિક્ષણમાં પહેલા ધોરણથી 'પર્યાવરણ' વિષયને ભણાવવાનો શરૂ કરવામાં આવ્યો છે ત્યારે તેની ઠઠ્ઠામશ્કરી કરવી એ એક આખી પેઢી સાથેની છેતરપીંડી, પોતાના ટૂંકા સ્વાર્થ ખાતર થતી હોય એવું નથી લાગતું ?

પર્યાવરણ એટલે માત્ર વાઘ, સિંહ કે રીંછ કે પતંગિયાં કે કોઈ ઝાડપાન નહીં. પર્યાવરણ એટલે માણસ, તેનો સમાજ અને કુદરત વચ્ચેનો સમન્વય ને સંકલન. પર્યાવરણ એટલે જેના પર માણસ જીવે છે—તેને હવા,

પ્રકાશ, પાણી અને ખોરાક આપે છે, તેને કુદરતી સાધનો પુરા પાડે છે, માનવસમાજનો કચરો ને વ્યયને સમાવી લે છે, માનવજીવનને સમૃદ્ધ બનાવે છે.

વિજ્ઞાન એ કુદરત ને પર્યાયરણનું દુશ્મન નથી અને હોઈ પણ ન શકે. કુદરતના કાનૂન સમજી કુદરતનો ઉપયોગ કરવાનું કામ વિજ્ઞાન અને ટેકનોલોજીનું છે. અને દરેક પળે તેનું મૂલ્યાંકન કરવાનું આપણું કર્તવ્ય છે. પર્યાવરણવાદીઓ પર્યાવરણની ચર્ચા મનુષ્યને અલગ રાખીને નથી કરતા. મનુષ્ય તેના કેન્દ્રમાં છે. પણ આ મનુષ્ય માત્ર ભૌતિક શરીર કે મગજ નથી. મનુષ્યની કલ્પના સમાજ કે કુદરતની બહાર રહીને કરવી અશક્ય છે. સામાજિક પાસું અને કુદરત સાથેના સંબંધ એ બન્ને મનુષ્યનું અંતર્ગત તત્ત્વ છે. અને એટલે જ પર્યાવરણ અને માણસ અથવા પર્યાવરણ અને વિકાસ એ બે એકબીજાના વિરોધી નથી— વિરોધી હોઈ ન શકે.

આપણે ચિંતા કરીએ છીએ દુકાળની કે અતિવૃષ્ટિની કે વધતા જતા રણની. પણ આપણે કદી વિચાર કર્યો છે ખરો કે આ આપત્તિઓ માત્ર કુદરતસર્જિત નથી, એ માનવસર્જિત પણ છે? આ સંદર્ભમાં આફ્રિકાના અનેક દેશોમાં વારંવાર થતા દુકાળના આર્થિક—સામાજિક પાસાઓ સમજવા જેવા છે. દક્ષિણ ગુજરાતમાં સિંચાઈનું પાણી આવવાથી મોટા પ્રમાણમાં શરૂ થયેલી શેરડીની ખેતી બાદ એ જમીનની શી હાલત થશે તે અંગેના નિષ્ણાતોના મંતવ્યો તપાસવા જેવા છે.

ઓકટોબર ૧૯૮૮માં વડાપ્રધાનને જે મેમોરન્ડમ દેશભરના વૈજ્ઞાનિકો, કલાકારો, સમાજસેવકો ને બુદ્ધિજીવીઓએ આપ્યું છે તે મેમોરન્ડમ સરદાર-સરોવર અને નર્મદાસાગર અંગે આ જ પ્રશ્ન ઊભો કરે છે—પચીસ હજાર કરોડ રૂપિયા ખર્ચીને વીસથી પચાસ વર્ષે જેનો ઉપયોગ થઈ શકશે એવી સિંચાઈ ને વિજળીશકિતની યોજના આટલી ફળદ્રુપ જમીન અને જંગલોનો વિનાશ કરી, આરોગ્યના જોખમો ઊભા કરી, અસમાન પાણીના પ્રશ્નોનું સર્જન કરી ગુજરાતના દુકાળ કે અનાવૃષ્ટિનો પ્રશ્ન હલ કરી શકશે? આ પ્રશ્ન ઊઠાવનારા ગુજરાતના હિતની વિરુદ્ધ વાત કરતા નથી પરંતુ ગુજરાતની સામાન્ય પ્રજાના હિતની જ વાત કરે છે. પ્રજાના પર્યાવરણ અંગેના અને દીર્ઘદૃષ્ટિના અને ન્યાયી વિકાસના અધિકારની વાત કરે છે.

આ પર્યાવરણ એ કોઈ એરકન્ડીશન્ડ રૂમમાં બેઠેલા કે બુદ્ધિજીવી કે જંગલમાં એકાંતમાં બેઠેલા ફિલસૂફની વાત નથી! આ તો સમાજમાં રહેતા સીધાસાદા માણસોની વાત છે જેમને તંદુરસ્ત ને ન્યાયી સમાજ જોઈએ છે.

આ વાત છે સામાન્ય ગરીબોની જેઓ કુદરત પાસેથી એક યા બીજી રીતે અનેક લાભ મેળવી પોતાનું ગુજરાન ચલાવે છે. આ વાત છે બંધારણના માર્ગદર્શક સિદ્ધાંત (અનુ. ૪૮અ)ની જે કહે છે કે પર્યાવરણનું રક્ષણ કરવાનું અને સુધારવાનું કર્ત્તવ્ય રાજ્યનું રહેશે ને સાથે સાથે જંગલો અને વન્યપ્રાણીઓના રક્ષણ કરવાનું પણ. વળી બંધારણના વિભાગ VI–એના અનુચ્છેદ ૫૧–અ ભારતના દરેક નાગરિક પર જંગલો, સરોવર, નદીઓ ને વન્યપ્રાણીઓ સહિતના કુદરતી વાતાવરણ કે પર્યાવરણનું રક્ષણ કરવાની, તેમાં સુધારો કરવાની અને દરેક જીવ પ્રત્યે કરુણા રાખવાની ફરજ લાદે છે. ભારતના ઉચ્ચ બંધારણે જેની જોગવાઈ કરી છે એવી ફરજોનો આગ્રહ રાખવો તે પ્રજાના હિતના વિરોધની વાત કયાંથી થઈ ગઈ ? અને આ ફરજની યાદ આપનારા અને આગ્રહ રાખનારાઓ ઉપર દબાણ લાવવું, તેમની મશ્કરી કરવી અને તેમને બદનામ કરવા તેમાં કયો રાષ્ટ્રપ્રેમ, બંધારણ પ્રત્યેની નિષ્ઠા કે માનવકરુણા દેખાય છે ?

## તો પછી ગુજરાતના દુકાળ અને અનાવૃષ્ટિનું શું ?

સરદાર સરોવર વિશે પોતાનો વિરોધ કરનારા કે તેના વિશે પુનઃવિચારણા કરવી જોઈએ એવો આગ્રહ રાખનારા જાણે કે ગુજરાતમાં વારંવાર આવતા દુકાળ, અનાવૃષ્ટિ, પીવાના પાણીની તંગી, ભૂખમરો વગેરે આપત્તિઓનો જરાપણ વિચાર કરતા નથી તેમ જ તેનાથી પીડિત લોકોના દુઃખવ્યથા પ્રત્યે ઉદાસીન છે તેવો આક્ષેપ તેમની સામે કરવામાં આવે છે.

સાચી વાત તો એ છે કે ગુજરાતના ખૂણે ખૂણે દરેકને ઝડપથી, ન્યાયી રીતે અને સમાનતાના ધોરણે પાણી મળે–ખેતી માટે, પોતાને પીવા માટે, ઢોર માટે–તેમ ઈચ્છા રાખનારા તેમ જ આગ્રહ રાખનારાઓએ જ સરદાર સરોવર વિશે પ્રશ્નો ઉઠાવ્યા છે.

તેમણે કદી કહ્યું નથી કે ભલે લાખો લોકો પાણી વિના તરફડે, ઢોર મરી જાય, ખેતીનો વિનાશ થાય પણ થોડી ફળદ્રુપ જમીનો બચવી જોઈએ, થોડા જંગલો બચવા જોઈએ, જંગલી પ્રાણીઓનું રક્ષણ કરવું જોઈએ !

તેમણે જે પ્રશ્ન ઊભો કર્યો છે તે આ છે–સરકારી આંકડા મુજબ વીસ વર્ષે પણ અનુભવની રીતે જોઈએ તો ચાલીસ વર્ષે જો પાણી મળવાનું હોય તો તેનાથી શો ફાયદો ? બીજું, આ પાણી મળશે જ અને બધ સંપૂર્ણ બંધાશે જ તેની ખાતરી અત્યારના કોઈ રાજકારણીઓ કે એન્જિનિયરો આપી શકે એમ નથી. લગભગ સિત્તેર ટકા યોજનાઓ આજે પણ અધુરી રહી છે અને એટલે જ સાતમી પંચવર્ષીય યોજનાએ આગ્રહ રાખ્યો હતો

કે નવી યોજનાઓને બદલે ચાલુ યોજનાઓને પુરી કરો. ત્રીજું આ યોજનાને કારણે કેટલાને પાણી મળશે તે નક્કી નથી અને તે અંગે કંઈ સ્પષ્ટ કહેવામાં આવતું નથી.

જ્યારે બીજી બાજુ વડાપ્રધાનના સલાહકાર સામ પીત્રોડા એમ કહે છે કે ૧૯૯૦ સુધીમાં દેશના દરેક ગામને પીવાનું પાણી મળી જશે ! તો ગુજરાતના શહેરો અને ગામડાઓને ખરેખર ક્યારે પાણી મળશે ? ૨૦૧૦માં કે ૧૯૯૦માં ? જો ૧૯૯૦માં દરેક ગામને પાણી મળશે તે સાચું હોય તો તે પાણી નર્મદાનું તો નહીં જ હોય ! તો તે કયું પાણી ?

અને મહત્ત્વનો મુદ્દો એ છે કે સરદાર સરોવરની નહેરોથી માની લો કે પાણી ઘણી જગાઓએ પહોંચશે પણ તેનો લાભ કોને મળશે ? નાના ખેડૂતોની સામાન્ય ખેતી માટે ? કે પછી મોટા ખેડૂતોની વ્યાપારી પેદાશો માટે ?

ભૂતકાળ એમ દર્શાવે છે કે મોટી સિંચાઈ રોજનાથી સામાન્ય અને નાના ખેડૂતોને કોઈ ખાસ ફાયદો થયો નથી. હજી હમણાં જ જ્યાં બંધો બાંધવામાં આવ્યા છે તે સાબરકાંઠાના લોકોને પૂછી જુઓ કે તમારા બંધોનું પાણી ક્યાં ગયું ? કોને મળે છે તે પાણી ? કયા પાક માટે ? બનાસકાંઠાના દાંતીવાડા બંધના ઉપવાસના અને હેઠવાસના ખેડૂતોને પૂછો કે આ બંધના પાણીનું શું થયું ? ઉકાઈ બંધ બંધાયા પછી દક્ષિણ ગુજરાતના ખેતમજુરો ને શેરડી કાપનારા ગરીબ 'કોયતાઓ'ને પૂછો કે આટલા મોટા બંધ પછી પીવાના પાણી માટે શા માટે ફાંફા મારો છો ? પાણીનો ભરાવો થશે તો પાણી કોણ બહાર કાઢશે ? જો જમીન ખારી થઈ જશે તો શું થશે ?

આની સામે જે મૂળપ્રશ્ન છે તે તો જમીન ઉપરનું કે ભૂગર્ભ પાણી વાજબી, ન્યાયી અને વૈજ્ઞાનિક આયોજનનો અને વહીવટનો. નર્મદાનદીના પાણીનો ઉપયોગ કરતી અનેક પ્રકારની વૈકલ્પિક યોજનાઓ શકય છે. તેનો વિચાર કરવામાં આવ્યો છે ખરો ? અ હા હા હા ! આટલી મોટી નર્મદાનદી ! આટલું બધું પાણી સાગરમાં દર વર્ષે વહી જઇ વ્યય થાય ! કેવી રીતે ચલાવી લેવાય ? માટે ઊંચામાં ઊંચો બંધ બાંધો અને જ્યાં નજર પડે ત્યાં સુધી પાણી પહોંચાડી દો. જરા વિચિત્ર લાગશે પણ આખી યોજનાનો વિચાર અત્યાર સુધી આ રીતે જ કરવામાં આવ્યો છે. નર્મદા ટ્રિબ્યુનલમાં પણ ઊંચાઈ અને વધુમાં વધુ ઉપયોગ વિષે ચર્ચા થઈ, દલીલો થઈ, વિચારણા થઈ. તે જમાનો હતો મોટા બંધોનો. જવાહરલાલે તો તેમને 'પ્રગતિના મંદિરો' ગણાવ્યા હતા. ઊંચાઈ માટે લડયા અને ઓછીવત્તી ઊંચાઈ મળી, 'આપણી જીત થઈ. હવે અમલ કરો ! ચર્ચાઓ પછી.' અરે આ નેતાઓ અને અન્ય

દરબારી પંડિતોનો અહમ્‌ તો જુઓ, તેમની ઝનૂનતા તો જુઓ ! ખૂદ ભારત સરકારના પર્યાવરણ અને જંગલ ખાતાની વડાપ્રધાનને ૧૯૮૭ માં રજુ કરાયેલી નોંધમાં દર્શાવાયું છે કે નર્મદાસાગર અને સરદાર સરોવરની ઊંચાઈમાં થોડો ઘટાડો કરવામાં આવે તો સિંચાઈને તો જરા ય વાંધો આવતો નથી, વિજળીશક્તિને થોડો વાંધો આવે, પણ ૬૦ થી ૭૦ ટકા વિનાશ નીવારી શકાય. મોટા બંધો વિષેની બીજી બધી વાતો બાજુમાં રાખીએ તો પણ આ ઊંચાઈ અંગેનો શો વિચાર પણ ના કરી શકાય ? ગુજરાતના જુદા જુદા વિસ્તારોની અગ્રીમતા શું છે ? તેમની સાચી પરિસ્થિતિ શી છે ? તેમના જ નજદીકની કુદરતી સંપત્તિ શું છે ? તેનો સૌથી વધારેમાં વધારે ન્યાયી અને સંકલિત ઉપયોગ કરી શકાય તે જાતની આખી યોજના બનાવવાની કાર્ય-પદ્ધતિ હોવી જોઈએ. ઉત્તર ગુજરાતમાંથી કચ્છ તરફ જતી નદીઓના પાણીનો શો ઉપયોગ થઈ શકે એનો યોગ્ય વિચાર કદી થયો છે ? ગુજરાતમાં એક પણ જીલ્લો છે જ્યાં મોટી કે નાની, નદીઓ નથી ? તેમના પાણીનો પૂરો ઉપયોગ છેલ્લા ૪૦ વર્ષમાં કર્યો છે ? જે કાંઈ પાણી છે તેને બચાવવાનો અને તેનો યોગ્ય વહીવટ કરવાનો તેમજ તે પાણીના સ્રોત સૂકાઈ ન જાય તેને માટે આપણે સફળ યોજનાઓ કરી છે ખરી ? ગુજરાત મોટા અને મધ્યમ બંધોની બાબતમાં ભારતમાં બીજા નંબરે આવે છે. આપણે પૂછી શકીએ ખરા કે આ બધી યોજનાઓ પૂરી થઈ ખરી ? કેટલા પૈસા વપરાયા, ખવાયા, બરબાદ થયા ? કોને પાણી મળ્યું ? કેટલું મળ્યું ? ભૂતકાળ પૂરવાર કરે છે કે જંગી બંધોથી પીવાના પાણીનો પ્રશ્ન હલ થતો નથી, હરિયાળી ક્રાંતિ લાંબી ટકાવાતી નથી, સામાન્ય ખેડૂતોની જરૂરિયાતો સંતોષાતી નથી. સફળ યોજનાની કેટલીય કસોટીઓ છે — ક્ષમતા, કરકસર, પૂર્ણ ઉપયોગ, વ્યવહારુતા, ન્યાયી વહેંચણી, પ્રજાની ભાગીદારી, લાભાલાભનો હિસાબ વગેરે. આ કસોટીઓ પાસ કરે તેવી યોજનાઓ બનાવવી એમાં જ સમાજનું, રાષ્ટ્રનું અને મનુષ્યનું હિત સમાયેલું છે. ઘરમાં કોઈ માંદુ હોય અને માની લો કે અમેરિકામાં તેનો ઈલાજ હોય, પરંતુ ભારે ખર્ચ થતો હોય, તો તેનો અર્થ એ નહિ કે ગમે તે ભોગે તેનો ઉપચાર કરવો જ પડે. તેનો ઉપચાર કરવામાં આખુ કુટુંબ બરબાદ થતું હોય, બીજા કેટલાય સભ્યોની સાદી બિમારીનો ઉપાય ભૂલાઈ જતો હોય, બીજાઓનું શિક્ષણ અટકી જતું હોય તો શું કરવાનું ? દરેક વિકાસ યોજના આ જ પ્રકારની હોય છે. તેના બધા જ પાસાઓનો વિચાર કરવો જ રહ્યો. આંધળીયાપણું કે સંકુચિતવૃત્તિ કે ટૂંકી દૃષ્ટિ ચાલી ના શકે. તેમાં ન તો જેનો લાભ કરવાનો છે તેનો લાભ છે ન તો બીજાઓનો. જો દસ કરોડ રૂપિયા ખર્ચીને સમાજના વ્યાપક એવા સામાન્ય રોગો જડમૂળથી

નાબૂદ કરી શકાતા હોય તો દસ કે સો વ્યક્તિઓના હૃદયરોગ મટાડવા પરદેશથી યંત્રસાધનસામગ્રી લાવી ના શકાય. એને વિકાસ ના કહેવાય. આમ સરદાર સરોવર એ ગુજરાતની સામાન્ય પ્રજાના વિકાસની યોજના પુરવાર નહિ થાય, પણ સામાન્ય પ્રજાને પાછી હઠાવશે — થોડાના લાભ માટે. ગુજરાતને લીલુછમ બનાવી શકાય છે, તેને વારંવાર આવતા દુષ્કાળમાંથી બચાવી શકાય છે, દરેકને પાણી પહોંચાડી શકાય તેમ છે—તે માટે જોઈએ છે યોગ્ય દૃષ્ટિ, વૈજ્ઞાનિક અભિગમ, માનવ મૂલ્યનો આગ્રહ, સર્જનાત્મક શકિત, વ્યવહારુ આવડત. ગુજરાતની પ્રજામાં આ બધું છે— માત્ર રાજકારણીઓ, દરબારી પંડિતો અને મુઠ્ઠીભર લાભ લેનારાઓને હઠાવવામાં આવે તો.

## તો પછી વિકલ્પ શો ?

અત્યાર સુધી મોટા બંધોને 'આધુનિક મંદિર' તરીકે ગણવામાં આવતા હતા. અને એ એક સમય હતો જ્યારે અનાજના ઉત્પાદન માટે, સિંચાઈ માટે, દુકાળ માટે નદી ઉપર ભારે મોટા બંધો બાંધી વૈજ્ઞાનિક અને તકનીકી સિદ્ધિ હાંસલ કરવાની હરિફાઈ ચાલતી હતી. ધીરે ધીરે મોટા બંધોના અનુભવો પછી સમગ્ર દુનિયામાં એ વાતનું ભાન થવા માંડયું છે કે મોટા બંધોથી પ્રશ્નો ઉકેલાતા નથી. તેનાથી ઉલટું બીજાં ઘણાં ગંભીર પ્રશ્નો ઊભા થાય છે.

અમદાવાદના ઇન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટના ત્રણ પ્રોફેસરોએ ૬—૧૦—૧૯૮૮ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં લખ્યું હતું કે—"દુનિયાભરમાં મોટા બંધોનો અનુભવ નિર્ણાયક છે—મોટા બંધો પર્યાવરણની દૃષ્ટિએ હાનિકારક, આર્થિક દૃષ્ટિએ વિનાશક અને નવી સામાજિક અસમાનતા પેદા કરનારા છે. આપણા દેશમાં પણ છેલ્લાં ચાળીસ વર્ષનો મોટા બંધો અને પાણી, શકિત ને સાધનોનો વધુ ઉપયોગ કરતો હરિયાળી ક્રાંતિનો અનુભવ બતાવે છે— ગ્રામગરીબોની વધુ ગરીબી, જમીનની ફળદ્રુપતાનો વિસ્તૃત નાશ, પર્યાવરણની બરબાદી અને વધુ ખર્ચાળ, અનઉત્પાદીય આર્થિકવ્યવસ્થા, આ બધા ભારે નુકશાનકારી પરિણામો અચૂક આપેલા છે. આજની સરકારી નર્મદા યોજના અપવાદ પુરવાર થશે તેવો કોઈ નક્કર પુરાવો ક્યાંય દેખાતો નથી, પછી સરકાર ગમે તેટલા વિરોધી દાવાઓ કરે કે સરકાર ગમે તે અપેક્ષાઓ રાખે.

ગુજરાતના રાજકારણીઓ અને અમલદારો નર્મદા નદીના પાણીના ઉપયોગ અંગે માત્ર બે જ વિકલ્પ પ્રજા સમક્ષ રજુ કરે છે. —કયાં તો સત્તાવાર નર્મદા યોજના દ્વારા પાણીનો ઉપયોગ કરો, કયાં તો પાણીને સમુદ્રમાં વહેવા દો ! આ રજુઆત સ્પષ્ટ રીતે ગલત છે કારણ કે નર્મદા

નદીના પાણીનો ઉપયોગ કરી શકાય એવા ઘણા વિકલ્પો છે જેનાથી ગુજરાત રાજ્ય વિકાસના સિદ્ધાંકો—વૃદ્ધ, રોજગારી, લાંબા ગાળાનો વિકાસ અને સામાજિક ન્યાય હાંસલ કરી શકે. નર્મદાનો વિકાસ નીચેના ઉદ્દેશ્યો સાથે થઈ શકે એમ છે—પીવાનું પાણી (માણસો અને પ્રાણીઓ માટે), ઘાસચારો, લઘુ સિંચાઈ, જળાશયોને પાણી પુરું પાડવું, નાની વિજળીશક્તિ, સ્થાનિક સાધનો પર આધારિત ઉદ્યોગો, આનાથી ઉલટું સત્તાવાર નર્મદા યોજનાની અગ્રીમતા છે વિજળીશક્તિ અને વિશાળ પાયા પરની વ્યાપારી પેદાશની સિંચાઈ. નાના અને મધ્યમ કદના બંધો અને સુરક્ષિત નહેરોની હારમાળા-વાળી નર્મદા યોજના વિચારી શકાય એમ છે—જેનાથી જમીન અને જંગલો બચશે, ધરતીકંપ વગેરેના જોખમો દૂર કરશે, ગરીબોને ફાયદા થશે અને ગુજરાતની મૂળ જરૂરિયાતો—પીવાનું પાણી ને ઘાસચારો સંતોષશે—અને તે પણ ઓછા ખર્ચે.

વધુમાં મોટા બંધો પૂર્ણ થશે કે કેમ અને તેનો ઉપયોગ કેટલો થશે એ પ્રશ્ન દેશ અને રાજ્યની અર્થવ્યવસ્થા માટે અત્યંત મહત્ત્વનો છે. અત્યાર સુધીની મોટી યોજનાઓમાંથી લગભગ સાઇઠ થી સિત્તેર ટકા યોજનાઓ આજ દિન સુધી પુરી થયેલી નથી અને ઉત્પન્ન કરાયેલી પાણી કે વિજળીશક્તિનો ચાળીસ ટકાથી વધારે ઉપયોગ થઈ શક્યો નથી.

સાતમી પંચવર્ષીય યોજનાએ સિંચાઈ વિભાગના મુખ્ય ઉદ્દેશ્યો આ પ્રમાણે ગણાવ્યા છે :

(૧) હજી સુધી પૂરી ન થયેલી સિંચાઈ યોજનાઓને પુરી કરવી.

(૨) દુકાળગ્રસ્ત અને પછાત વિસ્તારોમાં મધ્યમ કક્ષાની યોજનાઓ પુરતા નવા સાહસો મર્યાદિત રાખવા અને નાની સિંચાઈ યોજનાઓ પર ભાર મૂકવો.

(૩) અત્યાર સુધી પ્રાપ્ય પાણીનો વધારેમાં વધારે ઉપયોગ કરવાને અગ્રીમતા આપવી.

(૪) ખારાશ અને પાણી ભરવાના પ્રશ્નોનો ઉકેલ લાવવો.

(૫) ભૂગર્ભ પાણીની શોધ અને ઉપયોગને આગળ વધારવો.

છઠ્ઠી પંચવર્ષીય યોજના જ્યારે ઘડાઈ ત્યારે એમ વિચારાયેલું કે ૧૯૭૬ પહેલાં શરૂ થયેલી ૬૫ મોટી સિંચાઈ યોજનાઓને યોજનાના સમય દરમ્યાન પુરી કરવી. પરંતુ વચગાળાના અભ્યાસે દર્શાવ્યું કે ૬૫ યોજનામાંથી માત્ર ૨૫ યોજનાઓ ઠેઠ ૧૯૮૪—૮૫ માં પૂરી થશે.

હજી હમણાં ૧૯૮૬ માં વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીએ જણાવ્યું હતું કે "આજની પરિસ્થિતિ એ છે કે છેક ૧૯૫૧ થી ૨૪૬ મોટી સિંચાઈ યોજનાઓ શરૂ કરવામાં આવેલી તેમાંથી માત્ર ૬૫ યોજનાઓ પૂરી થઈ છે અને ૧૮૧ યોજનાઓ હજી બાકી છે. ૧૯૭૦ પછી ય શરૂ કરેલી યોજનાઓમાં ઝડપની જરૂર છે. ૧૬ વર્ષ સુધી પૈસા રેડયા પરંતુ લોકોને કશું મળ્યું નથી. ન સિંચાઈ ન પાણી, ના ઉત્પાદનમાં વધારો, ન રોજબરોજની રાહત. થોડા કોન્ટ્રાકટરો કે ઠેકેદારો અને જાહેરબાંધકામ વિભાગોને થોડા પૈસા પહોંચાડવા સિવાય પ્રજાને આપણે કોઈ ફાયદો કરતા નથી. લાભ તો ત્યારે થાય જયારે યોજના પૂરી થાય અને યોજનાનો લાભ વહેવા માંડે."

આ ઉપરાંત ભારત વિશ્વમાં મોટા બંધો બાંધનારા રાષ્ટ્રોમાં ચોથા નંબરે છે. જયારે બંધોની નિષ્ફળતામાં બીજા નંબરે છે !

મોટા બંધો અંગેના આંતરરાષ્ટ્રીય કમીશનના કહેવા મુજબ વિશ્વના બંધોની નિષ્ફળતાનો સરેરાશ આંક ૫.૯ ટકાની સામે ભારતનો આ આંક ૯.૨ ટકા છે. મોરબી હોનારત અને હમણાના બીજા અકસ્માતો બાદ કરીએ તો પણ ૧૮૭૪ અને ૧૯૭૪ ના ગાળા દરમ્યાન ૪૦ બંધો તૂટી પડયા છે.

ચિંતા ઉપજાવનારી બીજી મહત્ત્વની હકીકત એ છે કે મોટા બંધોના ખર્ચામાં જબરજસ્ત વધારો થતો જાય છે. અને પરિણામે લાભાલાભનો આંક લગભગ શૂન્ય સુધી પહોંચી જાય છે. ભારત સરકારના સિંચાઈ અને વિજળી ખાતાના સિંચાઈ અને બહુલક્ષી યોજનાઓના વધતા ખર્ચા અંગેના નિષ્ણાતોના અહેવાલ મુજબ ૧૯૪૬—૬૯ દરમ્યાન ૬૪ મોટી યોજનાઓના ખર્ચમાં સરેરાશ ૧૦૮ ટકા વધારો થતો આવ્યો છે. આ વધારો માત્ર સામાન્ય ભાવવધારાને લીધે નહીં પણ તેનાથી ય આગળ વધી જાય છે. અને તેના મુખ્ય કારણો છે (૧) શરૂઆતમાં અધૂરાં અને અપર્યાપ્ત અભ્યાસો (૨) યોજનાના કદમાં ફેરફાર (૩) યોજનાની ખામીઓ વગેરે.

આ સમગ્ર પરિસ્થિતિમાં મોટા બંધના વિકલ્પ શોધવા જ રહ્યા. વિકલ્પો શોધવાનો પ્રયત્ન જ ન કરવો એ કેવી રીતે સ્વીકારી શકાય ? આ કામ એક વ્યક્તિનું કે સંસ્થાનું નથી. રાજ્યે વિવિધ વિષયોના નિષ્ણાતો તેમ જ પ્રજાના પ્રતિનિધિઓ સાથે પરામર્શ કરી વૈકલ્પિક યોજનાઓ ઘડી કાઢવી જોઈએ.

# બધી જ તકેદારી લેવામાં આવી છે?

સરદારસરોવરના સમર્થકો શરૂમાં તો માત્ર ફાયદાઓ જ બતાવતા હતા અને ગેરલાભો અને હાનિ બતાવનારા 'પર્યાવરણવાદી'ઓના ભય માત્ર આધાર વિનાના અને કલ્પિત છે એવો આક્ષેપ કરતા હતાં. આ રમત લાંબી ચાલી નહિ. નર્મદાયોજના અંગે વૈજ્ઞાનિક ઢબથી પુનઃર્વિચારણા થવી જોઈએ એવી માગણી કરનારાં અને વડાપ્રધાનને સુપ્રત કરવામાં આવેલા મેમોરેન્ડમ ઉપર સહી કરનારા વૈજ્ઞાનિકો વગેરેની યાદી બહાર આવવા માંડી એટલે સરદારસરોવરના સેલ્સમેનોએ પોતાની રમત બદલી. હવે કહે છે કે મોટા બંધોની પાછળ પાછળ જે અનિષ્ટો આવે છે તેની પૂરી કાળજી લેવામાં આવી છે અને યોજનાના હાનિકારક પરિણામો આવવા દેવામાં આવશે નહિ તેની ખાત્રીઓ આપવા માંડયા છે. નાશ પામેલા જંગલોની સામે વૈકલ્પિક જંગલ 'કચ્છમાં' કરવામાં આવશે. કયાં અને કેવું જંગલ તેની માહિતી આપે તો સારુ. અને કચ્છમાં જંગલ થઈ શકતું હોય તો આટલા વર્ષો શું કર્યું? ઉત્તર ગુજરાત અને કચ્છમાં રણ વધતા જાય છે તેની ચર્ચા વર્ષોથી ચાલે છે. આપણે એ શાસકોને પૂછી શકીએ ખરા કે કચ્છમાં જંગલ પહેલા કેમ ના ઉગાડયું? કાંપ—માટીથી સરોવર ના ભરાય તેની કાળજી લેવામાં આવશે. આ તો ગુજરાત સરકાર વાત કરે છે. સરદાર સરોવરની સ્રાવભૂમિ મુખ્યત્વે તો મધ્યપ્રદેશમાં છે. આ વિસ્તારના જંગલો સાફ થઈ ગયા છે. નદીમાં આવનાર કાંપ—માટીને રોકવા કઇ વ્યવસ્થા મધ્યપ્રદેશની સરકારે કરી છે? જમીનમાં વધુ પાણી ભરાઈ જવાના અને ખારી જમીનના પ્રશ્નો વિષે આ સમર્થકોની વાતો સાંભળીયે ત્યારે તેમની દયા આવે છે. હજુ આજે ખેડા જિલ્લામાં લાખો હેકટર જમીન ખરાબ થઇ ગઈ છે તેનું શું કર્યું? દક્ષિણ ગુજરાતમાં પાણી ભરાવાના પ્રશ્નનું શું કર્યું? પાણીની વહેંચણી અને વ્યવસ્થા માટે મીટરો રાખવામાં આવશે અને નિયંત્રણો મુકાશે. એક વખત નહેરોમાં પાણી શરૂ થયું ત્યારે કઇ સરકારની તાકાત છે કે પૈસાદાર મોટા ખેડૂતોને આ પાણીનો વધારેમાં વધારે ઉપયોગ કરતા રોકી શકે? મહારાષ્ટ્રમાં સિંચાઈ નહેરમાંથી બારે માસ પાણી શેરડી માટે પુરું પાડવાના પ્રશ્ન ઉપરની રાજકીય કટોકટી જોવા જેવી છે. આખા દેશમાં પાણીનું ન્યાયી સંચાલન થતું હોય તેવો એકાદ દાખલો તો આપો. આવતા વર્ષોમાં હાલની રાજકિય, આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં પાણીની ન્યાયી વહેંચણીની આશા રાખવી તે દીવાસ્વપ્નું છે. ધરતીકંપની શકયતા અંગે પરદેશી નિષ્ણાતોની સહાય લેવાશે. ધરતીકંપની શકયતા હોય તો બંધ ના બંધાય. બંધ બની ગયા પછી પાછા જઈ શકાય નહિ. અહીં

વાત થાય છે કે બંધ બની જવા દો. ધરતીકંપ વિષે પરદેશી નિષ્ણાતોની સલાહ લઈ તેને નીવારવા પ્રયત્ન કરીશું. વિશ્વાસપાત્ર સાધનો પરથી માહિતી મળી છે કે વિશ્વબેંકે સરદાર સરોવર અંગે ગુજરાત સરકારની વહીવટી શકિત વિષે શંકા ઉઠાવી છે અને પરદેશી નિષ્ણાતોની જરૂર પડશે એમ કહેવામાં આવ્યું છે. મોટા બંધો અંગેનો સારી દુનિયાનો અનુભવ, આપણો પોતાનો ભૂતકાળ અને આજની આપણી પરિસ્થિતિ સરદાર સરોવર માટે બધી સુરક્ષાઓ અને સાવચેતીઓ લેવાશે અને કોઈને ચિંતા કરવાનું કોઈ કારણ રહેશે નહિ એ વાતમાં વિશ્વાસ પ્રેરી શકે એમ નથી. ઊકાઈ અને કાકરાપાડા યોજના વખતે પણ આ જ વચનો આપવામાં આવ્યા હતા અને આવી જ આશાઓ અને આશ્વાસનો અપાયા હતા અને આજે શી પરિસ્થિતિ છે? પાણીના ભરાવાના પ્રશ્ને ગંભીર સ્વરૂપ પકડયું છે. હજુ આ સાલ ૧૯૮૭–૮૮માં દક્ષિણ ગુજરાતમાં શેરડીનો વિક્રમ પાક નોંધાયો હતો કારણ કે ગુજરાતના દુકાળને કારણે જમીનમાં પાણીની સપાટી થોડી નીચે ગઈ હોવાથી શેરડી માટે યોગ્ય પાણીનું પ્રમાણ મળતા પાકમાં વધારો થયો હતો. વળી શેરડીની ખેતી વધી જવાથી જમીન બરબાદ થઈ રહી છે તે તો બધા જ જાણે છે. અસમાનતા વધતી જાય છે. આ બધું નજર સમક્ષ હોવા છતાં શાસકો વચનો આપે છે તે પ્રજાની છેતરામણી સિવાય બીજું શું છે? વિશાળ યોજનાઓ અને પરદેશી સહાય વિષે એક વાત પ્રચલિત થતી જાય છે—સૌ પ્રથમ સરકારો વિશ્વબેંક પાસે જઈ કહે છે, "અમારે પૈસાની તકલીફ છે." વિશ્વબેંક કહે છે, "પૈસા અમે આપીશું." પછી નિષ્ણાતોની તકલીફ પડે છે તો વિશ્વબેંક કહે છે કે "નિષ્ણાતો અમે આપીશું." છેવટે સરકારો વિશ્વબેંક પાસે દોડી જાય છે અને કહે છે, "આ લોકો અને લોકોના સંગઠનો યોજનાનો વિરોધ કરે છે અને તકલીફ અને અંતરાય ઉભા કરે છે." વિશ્વબેંક કહે છે કે "ચિંતા ના કરો, પ્રજાના અવાજને દબાવી દેવા લશ્કર પણ અમે આપીશું." જ્યારે નર્મદાના પાણીના ઉપયોગ માટે વૈકલ્પિક યોજનાઓ શકય છે, જ્યારે સ્થાનિક કક્ષાએ પીવાના પાણીની વ્યવસ્થા થઈ શકે એમ છે, જ્યારે નાના અને મધ્યમ કક્ષાના બંધો હજુ પુરા થવાના બાકી છે ત્યારે જ્ઞાત અને નિશ્ચિત અનિષ્ટોવાળી વિશાળ યોજનાની પાછળ પડવું તેમાં કયું ડહાપણ છે કે કયાં પ્રજાના હિતની વાત છે?

# આ લડતનો ઈતિહાસ ઘણો લાંબો છે

સરદાર સરોવરના સમર્થકો યોજના વિશે વિરુદ્ધનો અભિપ્રાય વ્યક્ત કરનારાના ઈરાદા વિશે શંકા ઊભી કરે છે અને પૂછે છે કે 'અત્યાર સુધી તમે બધા ક્યાં હતા? અત્યારે જ્યારે ગુજરાતમાં બંધ બંધાય છે ત્યારે વિરોધ કરવા ક્યાંથી ફૂટી નીકળ્યા? — આ બધા બીનગુજરાતીઓ છે અને ગુજરાતનો વિકાસ ન થાય એમ ઈચ્છે છે!'

—આ ટીકા સંકુચિત પ્રાંતવાદમાંથી ઊભી થઈ છે. અને અજ્ઞાન ઉપર રચાયેલી છે. એક તો આજથી દસપંદર વર્ષ પૂર્વે વિકાસ વિશે જુદી જ વિચારધારા અને જુદા જ ખ્યાલો પ્રવર્તતા હતા. ગમે તેવી વિજ્ઞાનની આગેકૂચ, આલીશાન મકાનો, ઔદ્યોગિકરણ, શહેરીકરણ, મોટા કારખાના, મોટી યોજનાઓ—આ બધાને વિવાદથી પર ગણવામાં આવતા હતા. આ 'પ્રગતિની કૂચકદમ' કે તેની સમગ્ર પ્રક્રિયા વિશે જરાપણ શંકા ઉઠાવવી અથવા તેની મર્યાદાઓ ચિંધવાની ચેષ્ટા કરવી એટલે પ્રગતિના વિરોધી, જુનવાણી ને દેશને પાછળ લઈ જનારા તરીકે તે સમયે ગણાવવામાં આવતા હતા.

વિજ્ઞાનની આંધળી દોટ, ભોગવાદના અનિષ્ટો, ભૌતિકવાદ તરફની આગેકૂચ, પર્યાવરણનો નાશ — આ બધા પ્રશ્નો વિશે જેટલી સજાગતા આજે છે એટલી તે સમયે ન હતી. આજે પરિસ્થિતિ તદ્દન બદલાઈ ગઈ છે. વિજ્ઞાનની આંધળી દોટે દુનિયાને જ્યાં લાવી મૂકી છે તેની ભયાનકતાથી લોકો ચોંકી ઊઠ્યા છે. માત્ર ભૌતિકસુખ માટે ગાંડી દોટના પરિણામો ચારેબાજુ દેખાય છે. નવા પ્રશ્નો, નવા રોગો, નવા ઘર્ષણો વગેરેએ સર્વને વિચારતા કરી મૂક્યા છે.

આ સંદર્ભમાં દુનિયાભરમાં મોટા બંધોનો અનુભવ શુદ્ધ આશિર્વાદરૂપ નિવડ્યો નથી. તેનાથી ઊભા થતા પ્રશ્નો અને લાંબાગાળાના વિકાસની ઘટતી જતી આશા — વગેરે બાબતોથી આપણે માટે વિકલ્પોની શોધ કરવાની ફરજ ઊભી થઈ છે.

વળી એ વાત સદંતર ખોટી છે કે માત્ર સરદાર સરોવર સામે જ વિરોધ થાય છે. સારાય દેશમાં અનેક જગાઓએ વિશાળ વિકાસ યોજનાઓ સામે વિરોધવંટોળ ઊભા થયા છે. અને લોકઆંદોલનો ચાલી રહ્યાં છે. કેરાલામાં સાઈલન્ટવેલી અને મુનાર. કર્ણાટકમાં બંડથી, ઉત્તરપ્રદેશ-હિમાલયમાં તેહરી અને વિષ્ણુપ્રયાગ, બિહારમાં કોયલકારો, ગુજરાતમાં લાલપુર અને મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર ને આંધ્રપ્રદેશની સરહદે ભોપાલપટનમ અને ઈન્ચમપલી,

આ બધા બંધો અને વિજળી યોજનાઓ સામે આંદોલન ચાલી રહ્યાં છે. અને વિસ્થાપનના પ્રશ્ને ચાલતી લડાઈનો ઈતિહાસ તો ઘણો લાંબો છે. તે વાત સાચી કે આ વિરોધ પહેલા દબાવી દેવામાં આવતો હતો.

૧૯૨૦ માં જ્યારે તાતા પાવર કંપનીએ મુલશીપેટા (પૂનાથી ૨૦ કિ. મી. દૂર) ખાતે બંધ બનાવવાની યોજના શરૂ કરી ત્યારે આ વિરોધ શરૂ થયો હતો. આ બંધથી લગભગ અગિયાર હજાર લોકોની જિંદગી ઉજડી જવાની હતી. સ્થાનિક માલવાઓ અને પુનાના કાર્યકરોએ તેની સામે આંદોલન શરૂ કર્યું. ૧૩૦૦ સહીઓ સાથેનું મેમોરેન્ડમ સરકારને આપવામાં આવ્યું. ૧૯૨૭ની ૧૬ મી એપ્રિલે બારસો માલવાઓએ પોતાના સ્ત્રી-બાળકો સાથે સત્યાગ્રહ કર્યો અને બંધની જગાએ કામ બંધ કરાવડાવ્યું. સેંકડોની ધરપકડ થઈ અને આ આંદોલન લગભગ અઢી વર્ષ સુધી ચાલ્યું ! જો કે શાહુકારોએ જાતજાતની રીતો અજમાવી ઘણા લોકોને પોતાના તરફી ફોડી દીધા. લડતના અંતે વળતરની રકમ તો સારી એવી મળી પણ મોટાભાગની રકમ શાહુકારો પાસે જતી રહી. અને આમ ભારતમાં બંધો સામેની સૌ પ્રથમ લડતનો અંત આવ્યો ને અસરગ્રસ્ત ખેડૂતો, નિર્ધન-ભૂમિહિન અને બેઘર બની ગયા. એ લડતને બાદ પણ આવા આંદોલન એક યા બીજી જગાએ ચાલતા જ રહ્યા છે. ધીરે ધીરે કહેવાતી આ વિકાસ યોજનાઓને કારણે વિસ્થાપિત થયેલા અને થનારા સામાન્ય લોકોનો વિરોધ વધુ ને વધુ ઉગ્ર થતો રહ્યો છે. શરૂઆતમાં ફકત વિરોધ હતો ત્યાર બાદ વધુ વળતરની માગણી થવા માંડી ને એ પછી પુનઃસ્થાપનની માગ જોર પડતી ગઈ. સમયની સાથે સાથે પુનઃસ્થાપનના ખ્યાલો પણ બદલાતા ગયા અને છેવટે ‘વિકાસલક્ષી પુનઃવસવાટ’ જેમાં વિસ્થાપિતોને વિકાસના ભાગીદાર બનાવવાનો ખ્યાલ છે—તેની માગ થવા માંડી છે.

અને હવે માનવમૂલ્યો, માનવઅધિકારો ને આર્થિક—સામાજિક ન્યાયના પાયા ઉપર એવી માગણી ઊભી થવા માંડી છે કે—અમારું વિસ્થાપન શા માટે ? અમે વિકાસના કેન્દ્રમાં રહેવા માટે છીએ, નહીં કે વિકાસના બલિ બનવા માટે ! અમારી આજુબાજુ અમારા વિકાસ થવો જોઈએ એવી વિચારધારા વ્યાપક બનતી જાય છે.

આ સંદર્ભમાં સરદાર સરોવર સામેના વિરોધો તપાસવા જરૂરી છે. વિરોધ કરનારાઓ દેશની સાચી એકતાના ચાહકો છે અને ગુજરાતની સામાન્ય પ્રજા અને ખાસ કરીને ગરીબ આદિવાસીઓના જીવન અને ભવિષ્ય માટે લડવાનો આગ્રહ રાખી પ્રજા સાથેની એકતા વ્યકત કરે છે.

અને આ પ્રકારની લડતના પરિણામે હવે સરદાર સરોવર યોજનાના સમર્થકોની દલીલોમાં જે ફેરફાર જોવા મળે છે તે સૂચક છે.

શરૂઆતમાં આ સમર્થકો સરદાર સરોવર યોજનાના ફક્ત ફાયદાઓ જ ગણાવતા હતા અને સંકુચિત પ્રાંતવાદને બહેકાવી ગેરલાભો ને હાનિ દર્શાવનારા 'પર્યાવરણવાદીઓ'ના ભય આધાર વિનાના ને કપોળકલ્પિત છે એવો આક્ષેપ કરતા હતા. આ રમત લાંબી ચાલી નહીં. દેશભરમાં આ યોજનાના વિરોધને મળી રહેલો સહકાર અને આ યોજનાની વૈજ્ઞાનિક રીતે પુનઃવિચારણા થવી જોઈએ એવી માગણીનો અવાજ બુલંદ બનવાને કારણે તે દબાણને વશ થઈ સરદાર સરોદારના સેલ્સમેનોએ પોતાની રમત બદલી અને હવે કહેવા માંડયું છે કે મોટા બંધોની પાછળ જે અનિષ્ટો આવે છે તેની પૂરી કાળજી લેવામાં આવી છે અને યોજનાના હાનિકારક પરિણામો આવવા દેવામાં આવશે નહીં તેની ખાતરીઓ આપવા માંડયા છે.

## કોના પ્રશ્નો અને કોની લડાઈ ?

ઉપરની ચર્ચા સ્પષ્ટ રીતે બતાવે છે કે સરદાર સરોવર અંગેના વિવાદમાં કયા પ્રશ્નો અને કોનાં પ્રશ્નો સમાયાં છે. સારા ય દેશમાં વિકાસનો પંથ આપણા શાસકોએ અપનાવ્યો છે અને તે માટે જે વિકાસની યોજનાઓ ઉભી કરી છે અને ઉભી કરવા માંગે છે તેની પાછળ રહેલી વિચારધારાને પડકારવાનો આ પ્રશ્ન છે. અત્યાર સુધી દેશે જે 'વિકાસ' કર્યો છે તેને ફરીવાર તપાસવાનો પ્રશ્ન છે. આ વિકાસમાં પ્રજાનું સ્થાન શું છે, પ્રજાનો ફાળો કેટલો, પ્રજાને લાભ કેટલો તેમે લગતા પ્રશ્નો છે. નર્મદા યોજના હાલમાં દેશમાં સૌથી મોટામાં મોટી યોજના છે. છેવટે ૨૫૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે અને અબજો રૂપિયાના લાભો—ગેરલાભોની ચર્ચા થાય છે. ૧૦ લાખ સામાન્ય લોકોના જીવવાના અધિકારનો પ્રશ્ન છે, અને તેથી નર્મદા યોજના આપણા વિકાસનો ખ્યાલ, વિકાસની દિશા અને વિકાસની પદ્ધતિની એક કસોટી તરીકે આપણી સમક્ષ આવી છે. અને સ્વાભાવિક છે કે વિવાદ ઉપસ્થિત થાય. ઘર્ષણ ઉભા થાય, આંદોલનો ઉભા થાય. ચર્ચાઓ અને વિવાદો તો દેશમાં ઘણી જગ્યાએ અને ઘણી યોજનાઓ અંગે ઉભા થયા છે. પરંતુ નર્મદા યોજના અંગેનો વિવાદ અત્યંત ગંભીર અને અગત્યનો છે. ચર્ચાઓ ઘણી કરી છે એટલે સમય બગાડો નહિ તેવી વાતો થાય છે. પરંતુ સમગ્ર યોજનાના વિવિધ પાસાંઓ અંગે કયારે ગંભીર ચર્ચા થઈ છે ? જયારે આટલી મોટી યોજના અમલમાં મુકવાની હોય અને બન્ને બાજુ આટલા મોટા લાભો અને ગેરલાભોની વાતો થતી

હોય અને જ્યારે ૧૦ લાખ માણસોના ખુદ જીવવાનો પ્રશ્ન ઉભો થતો હોય ત્યારે ચર્ચાઓ દબાવી ના શકાય. વિવાદને દાટી ના શકાય. વિરોધીઓને દબાવી ન દેવાય. યોજનાના પરિણામે આપણે કદી પાછા ન જઈ શકીએ તેવી પરિસ્થિતિમાં પહોંચવાના હોઈએ ત્યારે યોજના વિલંબમાં મુકાય તો પણ પ્રશ્નની સંપૂર્ણ વિચારણા થવી જ જોઈએ. બીજા નુકશાનની વાત જવા દઈએ તો પણ દસ લાખ માણસોના જીવન, સમાજ, સંસ્કૃતિના નાશ પછી ફેરવિચારણા ના થઈ શકે. જો ઢીલ થતી હોય તો તાત્કાલિક અમલમાં આવે અને તરત જ લાભો મળે તેવી નાના પાયાની યોજનાઓનો વિચાર કરવો જ રહ્યો. આમે ય નર્મદા યોજનાનું પાણી, ભલે શાસકો ગમે તે કહે પણ, ૨૦૦૦ સુધી મળવાનું નથી. ત્યાં સુધી દુષ્કાળગ્રસ્ત વિસ્તાર અને લોકો શું કરશે ? 'નર્મદા, નર્મદા'ના શું જપ જપવાના ? ઓછામાં ઓછા ૧૫ થી ૨૦ વર્ષ આ લોકો શું કરશે ? ગમે તે દૃષ્ટિએ તપાસો. વિકલ્પોની વ્યવસ્થા કરીને સમગ્ર નર્મદા યોજનાની શાંતચિત્તે પુનઃવિચારણા કરવી જ પડશે, નહિ તો ૧૦ લાખ લોકો અને બીજા લાખો માણસોને 'ગીનીપીગ' બનાવાશે.

અને એટલે જ અત્યારનો સંઘર્ષ ગુજરાતની પ્રજા અને તેના વિરોધીઓ વચ્ચે, 'રાષ્ટ્રવાદીઓ' અને 'પરદેશીતત્વો' વચ્ચે, માનવપ્રેમીઓ અને વાનર કે વાઘપ્રેમીઓ વચ્ચેનો નથી. સંઘર્ષ તો છે ગુજરાત કે મધ્યપ્રદેશના સામાન્ય લોકો અને મુઠ્ઠીભર રાજકારણીઓ, અમલદારો, કોન્ટ્રાક્ટરો અને માતબર ખેડૂતો અને ઉદ્યોગપતિઓ વચ્ચેનો છે. પ્રશ્ન છે લાખો લોકોના જીવન જીવવાનો. પ્રશ્ન છે લોકોના સ્વશાસનનો, પ્રશ્ન છે પોતાના જીવનને સ્પર્શતી યોજનાઓ અંગે સંપૂર્ણ જાણકારી મેળવવાના લોકોના અધિકારનો, પ્રશ્ન છે યોજનાના ટૂંકાગાળાના અને લાંબાગાળાના લાભો અને ગેરલાભોના વિશ્લેષણનો ! અને તે રીતે સમાજના પ્રશ્નોના વૈજ્ઞાનિક અને માનવીય ઉકેલ લાવવાની મૂળભૂત પદ્ધતિનો. પ્રશ્ન છે સમગ્ર યોજનાના લાભો કોને મળશે, ગેરલાભો કોણ ભોગવશે, આર્થિક—સામાજિક ન્યાયનો છે. આવતા ૧૦ કે ૧૫ વર્ષમાં કરોડો રૂપિયા ખર્ચવાના છે તે કરોડો રૂપિયા જોઈને, વાપરવા અથવા તેનો લાભ મેળવવા પોતાની પાસે આ પૈસા આવશે તેનાથી રાજકારણીઓ, અમલદારો, કોન્ટ્રાકટરો, એન્જીનીયરો અને પૈસાદાર વર્ગ નાચી ઊઠયો છે. અને સમગ્ર યોજના 'ગુજરાતની જીવાદોરી' છે એમ છાપરે ચઢીને પોકારી રહ્યા છે. પરંતુ તેઓ જાણે છે કે નર્મદા યોજના ગુજરાતની નહિ પણ પોતાની જીવાદોરી છે. જ્યારે ગુજરાતની સામાન્ય પ્રજા માટે તો બરબાદી, વિનાશ અને કમરતોડ દેવાના બોજ સિવાય કશું નથી. આટલા મોટા પ્રમાણમાં

જો લોકોને સ્થળાંતર કરવું પડે તો તે હોનારતને 'રાષ્ટ્રિય હોનારત' કહેવામાં આવે છે અને દેશભરમાંથી વડાપ્રધાનથી માંડી ને બધા દોડાદોડી કરી મૂકે છે. જ્યારે અહીં સરદાર સરોવરથી એક લાખ વિસ્થાપિતો, નર્મદાસાગરથી ૧ લાખ ૭૦ હજાર વિસ્થાપિતો અને સમગ્ર યોજનાના અંતે દસ લાખથી ઓછા નહિ એટલા અસરગ્રસ્ત લોકોના વિસ્થાપનને દેશનો વિકાસ કહેવામાં આવે છે !

આને શું કહેવું ? 'વિકાસની ગાથા' કે 'વિનાશની કથા ? આ પરિસ્થિતિમાં માનવમાત્રનું મૂલ્ય આંકનારો, માનવ અધિકારો માટે લડનારો, લોકશાહી માટે ઝઝુમનારો માણસ કઈ રીતે ચૂપ રહી શકે ?

સવાલ છે : એક લાખ મનુષ્યના જમીન, ઘર, સમાજ, સંસ્કૃતિ અને જીવનને વિકાસના નામે સરદાર સરોવરમાં ડુબાડી દેવાનો કોઈને પણ અધિકાર ખરો ?

લોક અધિકાર સંઘ માને છે કે :

- સાચી લોકશાહી તો જ શકય બને જો લોકોના વિવિધ વર્ગો દ્વારા લોકશાહી અધિકારો અને નાગરિક સ્વતંત્રતાઓના અર્થપૂર્ણ ઉપયોગ માટે આર્થિક અને સામાજિક વ્યવસ્થા પાયારૂપ બની રહે.
- મુક્ત, ન્યાયી અને સમતાયુકત સમાજની સ્થાપના માટે તેમજ માનવીના વ્યકિતત્વના સમૃદ્ધ અને પૂર્ણ વિકાસ માટે લોકો દ્વારા લોકશાહી અધિકારો અને નાગરિકસ્વતંત્રતાઓની સિદ્ધિ અને ઉપભોગ જરૂરી છે.
- આર્થિક અને સામાજિક અધિકારો પ્રાપ્ત કરવા માટે થતાં લોક આંદોલનોને, લોકશાહી અને નાગરિકસ્વતંત્રતાઓ માટેના આંદોલનોથી અળગા કરી શકાય નહીં.
- લોકો પોતાના સાચા લોકશાહી આંદોલનો દ્વારા જ લોકશાહી અધિકારો, નાગરિકસ્વતંત્રતાઓ અને આર્થિક તથા સામાજિક અધિકારો હાંસલ કરી શકે.

લોક અધિકાર સંઘ દૃઢ નિશ્ચય કરે છે :

- એક જ મંચ ઉપર આ આદર્શોને વરેલા પ્રજાના વિશાળ સમુદાયને એકત્રિત કરવાનો.
- આજ આદર્શો માટે કાર્ય કરતાં બીજા સમાન સંગઠનો સાથે સહકાર કરવાનો.
- બીજા સંગઠનો સાથે કાર્યક્રમલક્ષી એકતા સાધવાનો તેમ જ આ આદર્શો સિદ્ધ કરવાના આશયયુકત કાર્યક્રમ ઉપર બીજાઓ સાથે રહી કામ કરવાનો.
- મુકત, વધુ સારા અને સમૃદ્ધ જીવન માટે લડતા સમાજના વિવિધ વર્ગોને પ્રેરણા, સહાય, અને સહકાર આપવાનો.
- લોકશાહી આંદોલનો માટે તેમ જ લોકશાહી અધિકારો અને નાગરિક સ્વતંત્રતાઓ માટે પ્રજાને સંગઠિત કરવાનો, તેમનામાં જાગૃતિ લાવવાનો અને આ ધ્યેય માટે આંદોલન કરવાનો.

પુસ્તિકા : નર્મદા યોજના – કોના માટે ? કોના ભોગે ?

પ્રકાશન : ૧૯૮૮

મૂલ્ય : ત્રણ રૂપિયા

પ્રકાશક : ગિરીશ પટેલ, પ્રમુખ, લોક અધિકાર સંઘ, અમદાવાદ.

સંસ્થા સંપર્ક : એમ/૪/૭૦/૫૩૯ શાસ્ત્રીનગર, નારણપુરા,
અમદાવાદ–૩૮૦ ૦૧૩

મુદ્રણ : મંગલ મુદ્રણાલય, રતનપોળ, અમદાવાદ–૧.